અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

06 JANUARY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 186 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ભારત ફરવા આવી હતી, ધોરણ દસ નાપાસને દિલ દઈ બેઠી: ફ્રાન્સની યુવતી અને જયપુરનો ઓટો ડ્રાઈવર

4

વિશાળ દરિયા ના ખારા પાણી બનીને શું કરશો,બનવું હોય તો મીઠા ઝરણાંનાં પાણી બનો,જ્યાં સિંહ પણ ઝુકીને પાણી પીએ છે.

6

જો રૂટે સિડની ટેસ્ટમાં 41મી સદી ફટકારી:ટેસ્ટ ક્રિકેટમાંમાં સૌથી વધુ સેન્ચુરી ફટકારનારો ત્રીજો બેટ્સમેન બન્યો....

7

સેન્સેક્સ 322 પોઈન્ટ ઘટીને 85,439 પર બંધ: નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટીને બંધ થયો, IT સેક્ટરના શેરોમાં સૌથી વધુ ઘટાડો

## દિલ્હી રમખાણો કેસ- ખાલિદ-શરજીલ જેલમાં જ રહેશે : સુપ્રીમ કોર્ટે

### એક વર્ષ માટે અપીલ પર પ્રતિબંધ મૂક્યો, બાકીના 5 આરોપીઓને જામીન આપ્યા

નવી દિલ્હી, તા.05

સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી રમખાણોના આરોપી ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ અન્ય પાંચ આરોપીઓને 12 શરતો સાથે જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઉમર અને શરજીલ આ કેસમાં એક વર્ષ સુધી જામીન અરજી દાખલ કરી શકશે નથી.



ઉમર, શરજીલ અને અન્ય લોકો પર ફેબ્રુઆરી 2020માં ઉત્તરપૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોના 'મુખ્ય કાવતરાખોર' હોવાનો આરોપ છે. તેમના પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) અને ભારતીય દંડ સંહિતા (IPC)ની વિવિધ જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોમાં 53 લોકો માર્યા ગયા હતા અને 250થી વધુ ઘાયલ થયા હતા.

ખરેખરમાં, ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રહેમાન, મોહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહેમદ દિલ્હી રમખાણોના આરોપમાં 5 વર્ષ 3 મહિનાથી તિહાર જેલમાં બંધ છે. તેમણે દિલ્હી હાઈકોર્ટના તે આદેશને પડકાર્યો છે, જેમાં 2020ના દિલ્હી રમખાણો સંબંધિત કેસમાં તેમને ગેરકાનૂની પ્રવૃત્તિ (પ્રતિબંધ) અધિનિયમ (UAPA) હેઠળ જામીન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

કોર્ટે કહ્યું કે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ દ્વારા રજૂ કરાયેલા ફરિયાદ પક્ષ અને પુરાવા બંને અન્ય પાંચ આરોપીઓ કરતા અલગ સ્થિતિમાં હતા, કારણ કે તેઓએ કથિત ગુનાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. બંનેની ન્યાયિક કસ્ટડીનો સમયગાળો લાંબો હોઈ શકે છે, પરંતુ તે ન તો બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અને ન તો સંબંધિત કાયદા હેઠળ લાદવામાં આવેલા વૈધાનિક પ્રતિબંધોને બિનઅસરકારક કરે છે.

દલીલો દરમિયાન, બંધારણની કલમ 21 હેઠળ લાંબા સમય સુધી કેદ અને સ્વતંત્રતા અંગે દલીલો કરવામાં આવી હતી. આ કોર્ટ બંધારણ અને કાયદા વચ્ચે કોઈ અમૂર્ત સરખામણી કરી રહી નથી. બંધારણીય વ્યવસ્થામાં કલમ 21 એક વિશેષ સ્થાન ધરાવે છે. ટ્રાયલ પહેલાં કેદને સજા ગણી શકાય નહીં. સ્વતંત્રતાથી વંચિત કરવા મનસ્વી ન હોઈ શકે. UAPA, એક ચોક્કસ કાયદા તરીકે, કઈ શરતો હેઠળ પ્રી-ટ્રાયલ જામીન આપી શકાય તે અંગે કાનૂની નિર્ણય દર્શાવે છે. પાંચ અન્ય આરોપીઓ - ગુલ્ફિશા ફાતિમા, મીરાં હૈદર, મોહમ્મદ સમીર ખાન, શાદાબ અહેમદ અને શિફૌર રહેમાનને આપવામાં આવેલા જામીન તેમના પરના આરોપોને હળવા કરતા નથી. તેમને આશરે 12 શરતોને આધીન જામીન પર મુક્ત કરવામાં આવશે. જો શરતોનું ઉલ્લંઘન કરવામાં આવે તો, ટ્રાયલ કોર્ટ આરોપીઓને સાંભળ્યા પછી જામીન રદ કરવા માટે સ્વતંત્ર રહેશે. આરોપીઓની દલીલ છે કે આ કેસમાં લાંબા સમયથી સુનાવણી શરૂ થઈ નથી અને ટ્રાયલ શરૂ થવાની શક્યતા પણ ઓછી છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે તેઓ પાંચ વર્ષથી વધુ સમયથી જેલમાં છે અને અત્યાર સુધી તેમની સામે રમખાણો ભડકાવવા સંબંધિત કોઈ નક્કર પુરાવા સામે આવ્યા નથી. દિલ્હી હાઈકોર્ટે 2 સપ્ટેમ્બર, 2025ના રોજ આરોપીઓની જામીન અરજીઓ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ શરજીલ અને ઉમરની ભૂમિકા ગંભીર લાગી રહી છે. તેમના પર સાંપ્રદાયિક આધાર પર ભડકાઉ ભાષણો આપીને ભીડને ઉશ્કેરવાનો પણ આરોપ છે. દિલ્હીમાં ફેબ્રુઆરી, 2020માં નાગરિકતા સંશોધન કાયદા (CAA) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) ના વિરોધ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આમાં 53 લોકોના મોત થયા હતા. 250થી વધુ લોકો ઘાયલ થયા હતા. 750થી વધુ FIR નોંધવામાં આવી હતી.

દિલ્હી પોલીસે રમખાણો ભડકાવવાના આરોપમાં શરજીલ અને ઉમરને UAPA હેઠળ ધરપકડ કરી હતી. શરજીલ ઈમામની રમખાણોના 6 અઠવાડિયા પહેલા, 28 જાન્યુઆરી 2020ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ઉમર ખાલિદ 13 સપ્ટેમ્બર, 2020થી કસ્ટડીમાં છે. દિલ્હી પોલીસે તેમની જામીન અરજીઓનો વિરોધ કર્યો છે. પોલીસનું કહેવું છે કે તેઓ દિલ્હીમાં રમખાણો ભડકાવવાના મુખ્ય કાવતરાખોર હતા. પોલીસે કહ્યું છે કે સુનાવણીમાં વિલંબ માટે આરોપીઓ પોતે જવાબદાર છે અને જો આરોપીઓએ મદદ કરી તો ટ્રાયલ બે વર્ષમાં પૂરી કરી શકાય છે. પોલીસના મતે, રમખાણો અચાનક થયા ન હતા, પરંતુ તે પાન-ઈન્ડિયા સ્તરે (સમગ્ર ભારતમાં) રચાયેલા ષડયંત્ર હતા, જેનો હેતુ 'સત્તા પરિવર્તન' અને 'આર્થિક દબાણ' બનાવવાનો હતો. પોલીસ અનુસાર, CAAને 'શાંતિપૂર્ણ વિરોધ'ના નામે કટ્ટરપંથીકરણનું માધ્યમ બનાવવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસે એમ પણ કહ્યું કે આ ષડયંત્રને તત્કાલીન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત યાત્રાના સમયે અંજામ આપવાની યોજના હતી, જેથી આંતરરાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન ભારત તરફ ખેંચી શકાય અને નાગરિકતા સંશોધન કાયદા (CAA)ના મુદ્દાને વૈશ્વિક સ્તરે ઉઠાવી શકાય. પોલીસે દાવો કર્યો કે આ ષડયંત્રને દેશભરમાં ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ માટે ઘણા વોટ્સએપ ગ્રુપ, દિલ્હી પ્રોટેસ્ટ સપોર્ટ ગ્રુપ (DPSG) અને જામિયા અવેરનેસ કેમ્પેઈન ટીમનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

## મેરિટમાં આગળ હોય તો જનરલ કેટેગરીની નોકરીમાં પણ SC/ST/OBCનો હક : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.05

સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો અનામત વર્ગનો કોઈ ઉમેદવાર જનરલ કેટેગરી (Open Category) ના કટ-ઓફ કરતા વધુ માર્કસ મેળવે છે, તો તેને શોર્ટ લિસ્ટિંગ વખતે 'ઓપન કેટેગરી'નો ગણવો જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, યોગ્યતા ધરાવતા ઉમેદવારોને માત્ર તેમની અનામત શ્રેણી પૂરતા સીમિત રાખી શકાય નહીં. આ ચુકાદાથી સરકારી ભરતીઓમાં 'મેરિટ' ને વધુ પ્રાધાન્ય મળશે અને તેજસ્વી ઉમેદવારો સાથે થતો અન્યાય અટકશે.



ઓગસ્ટ 2022માં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા જુનિયર જ્યુડિશિયલ આસિસ્ટન્ટ અને ક્લર્ક ગ્રેડ-II ની 2,756 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આ પ્રક્રિયામાં 300 માર્કસની લેખિત પરીક્ષા અને 100 માર્કસની ટાઈપિંગ ટેસ્ટ નક્કી કરવામાં આવી હતી. નિયમ મુજબ, દરેક કેટેગરીમાં ખાલી જગ્યા કરતા 5 ગણા ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવાના હતા.

મે 2023માં તેનું પરિણામ આવ્યું, ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે SC, OBC, MBC અને EWS કેટેગરીના કટ-ઓફ જનરલ કેટેગરી કરતા પણ ઊંચા ગયા હતા. આ કારણે ઘણા એવા ઉમેદવારો લિસ્ટમાંથી બહાર થઈ ગયા જેમના માર્કસ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે હતા, પરંતુ તેમની પોતાની અનામત શ્રેણીના ઊંચા કટ-ઓફને કારણે તેઓ ટાઈપિંગ ટેસ્ટ માટે ક્વોલિફાય ન થઈ શક્યા.

આ અરજી મુદ્દે રાજસ્થાન હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે જે ઉમેદવારોએ કોઈ પણ વધારાની છૂટછાટ વગર જનરલ કેટેગરી કરતા વધુ માર્કસ મેળવ્યા છે, તેમને 'ઓપન કેટેગરી' માં જ ગણવા જોઈએ.

આ અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ નિર્ણયને યથાવત્ રાખતા કહ્યું કે, 'ઓપન કેટેગરી એ કોઈ અનામત ક્વૉટા નથી. તે તમામ ઉમેદવાર માટે માત્ર મેરિટના આધારે ખુલ્લી છે. જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર ક્ષમતા પર વધુ માર્કસ લાવે છે, તો તેને જનરલ કેટેગરીમાં જ સ્થાન મળવું જોઈએ.'

આ ચુકાદા બાદ, હવે ભરતી બોર્ડે પહેલા જનરલ કેટેગરીનું મેરિટ લિસ્ટ તૈયાર કરવું પડશે. જે ઉમેદવારો તેમાં સ્થાન પામશે, તેમને અનામત યાદીમાંથી બહાર રાખીને બાકીની અનામત બેઠકો ભરવી પડશે. આ નિર્ણયથી એવા સેંકડો ઉમેદવારોને ફાયદો થશે, જે પ્રતિભાશાળી હોવા છતાં ટેકનિકલ કારણસર ભરતીમાંથી બહાર નીકળી જતા હતા.ષ્તા જાળવી રાખે, તો તેની અનામત કેટેગરીને બદલે ઓપન કેટેગરીમાં જ નિમણૂક મળવી જોઈએ.

## દિલ્હી HCથી લાલુ યાદવને રાહત નહીં: લોઅર કોર્ટના આદેશ પર રોક નહીં, HCએ CBI પાસેથી જવાબ માંગ્યો, 14 જાન્યુઆરીએ સુનાવણી

પટના, તા.05

IRCTC કૌભાંડ સંબંધિત કેસમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવની અરજી પર આજે 5 જાન્યુઆરી (સોમવાર)ના રોજ દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ. કોર્ટે લાલુ યાદવની અરજી પર નીચલી કોર્ટના આદેશ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો છે. હાઈકોર્ટે CBIને જવાબ રજુ કરવા જણાવ્યું છે. આગળની સુનાવણી 14 જાન્યુઆરીના રોજ થશે.



લાલુ યાદવે નીચલી કોર્ટના તે આદેશને પડકાર્યો છે, જેમાં તેમની વિરુદ્ધ આરોપો નક્કી કરવામાં આવ્યા હતા. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે 13 ઓક્ટોબરે લાલુ-રાબડી અને તેજસ્વી યાદવને IRCTC કૌભાંડમાં આરોપી માન્યા છે. આ મામલો તે સમયનો છે જ્યારે લાલુ પ્રસાદ યાદવ કેન્દ્ર સરકારમાં રેલવે મંત્રી હતા. આરોપ છે કે તેમના કાર્યકાળ દરમિયાન IRCTC હેઠળની કેટલીક હોટલો અને તેની સાથે સંકળાયેલી જમીનોને નિયમોની અવગણના કરીને ખાનગી કંપનીઓને લીઝ પર આપવામાં આવી હતી. તપાસ એજન્સીઓનો દાવો છે કે આ પ્રક્રિયામાં પારદર્શિતાનું પાલન કરવામાં આવ્યું ન હતું અને તેનાથી કેટલીક ખાનગી કંપનીઓને ફાયદો થયો હતો. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે 13 ઓક્ટોબરે લાલુ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી યાદવને IRCTC કૌભાંડમાં આરોપી ગણ્યા. હવે ત્રણેય વિરુદ્ધ કેસ ચાલશે. કોર્ટે કહ્યું, 'લાલુની જાણકારીમાં ટેન્ડર કૌભાંડનું સંપૂર્ણ ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ટેન્ડરમાં તેમનો હસ્તક્ષેપ હતો. આનાથી લાલુ પરિવારને ફાયદો થયો.' બીજી તરફ લાલુએ આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા. આ મામલો રાંચી અને પુરી સ્થિત IRCTCની 2 હોટલોના ટેન્ડરમાં ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલો છે. 13 ઓક્ટોબરની સુનાવણી પછી તેજસ્વી યાદવે X પર લખ્યું - 'જ્યાં સુધી બંધારણ વિરોધી ભાજપ સત્તામાં છે અને હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી ભાજપ સામે લડતા રહીશું.

## રામ રહીમ 15મી વખત જેલમાંથી બહાર આવ્યો: 40 દિવસની પેરોલ મળી, બળાત્કાર અને હત્યાના કેસમાં કાપી રહ્યો છે આજીવન કેદની સજા

રોહતક, તા.05

રોહતકની સુનારિયા જેલમાં સાધ્વીઓના યૌન શોષણ અને પત્રકારની હત્યાના કેસોમાં આજીવન કેદની સજા ભોગવી રહેલો ડેરા સચ્ચા સૌદા પ્રમુખ ગુરમીત રામ રહીમ ફરી એકવાર જેલમાંથી બહાર આવ્યો છે. તેને 40 દિવસની પેરોલ મળી છે. સોમવારે લગભગ 11:30 વાગ્યે પેરોલ મળ્યા બાદ તે સિરસા ડેરા માટે રવાના થયો.



સુનારિયા જેલમાંથી ગુરમીત રામ રહીમને લેવા માટે સિરસા ડેરામાંથી લક્ઝરી ગાડીઓનો કાફલો પહોંચ્યો, જેમાં બે બુલેટ પ્રૂફ લેન્ડ ક્રુઝર, 2 ફોર્ચ્યુનર અને 2 અન્ય ગાડીઓ સામેલ હતી. આ વખતે ડેરા મુખી 15મી વખત પેરોલ કે ફરલો લઈને જેલમાંથી બહાર આવ્યો છે. આ પહેલા ડેરા મુખી રામ રહીમ 15 ઓગસ્ટે પોતાનો જન્મદિવસ ઉજવવા માટે જેલમાંથી બહાર આવ્યો હતો.

જણાવવામાં આવી રહ્યું છે કે રામ રહીમ આ વખતે ઉત્તર પ્રદેશના બાગપતના બરનાવા આશ્રમમાં નહીં જાય, પરંતુ સિરસા સ્થિત ડેરામાં જ રહેશે. રામ રહીમની સુરક્ષા માટે ડેરાની આસપાસ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

25 ઓગસ્ટ 2017 ના રોજ 2 સાધ્વીઓના યૌન શોષણ કેસમાં રામ રહીમને 20 વર્ષની કેદ થઈ. ત્યારબાદ 17 જાન્યુઆરી 2019 ના રોજ પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યાકાંડમાં આજીવન કેદ થઈ. જ્યારે, ડેરા મેનેજર રણજીત સિંહની હત્યાના કેસમાં ઓક્ટોબર 2021 માં CBI કોર્ટે તેને આજીવન કેદની સજા સંભળાવી.

સજા મળ્યાના 3 વર્ષ પછી રામ રહીમને આ કેસમાં હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂક્યો. હાલમાં રામ રહીમ રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. અહીંથી પેરોલ અને ફરલો લઈને તે અત્યાર સુધીમાં 14 વખત બહાર આવી ચૂક્યો છે. આ 15મી તક છે, જ્યારે રામ રહીમ જેલમાંથી બહાર આવ્યો.

આ પહેલા એપ્રિલમાં 21 દિવસના પેરોલ પર બહાર આવ્યો હતો. જાન્યુઆરીમાં, તેને દિલ્હી વિધાનસભા ચૂંટણીના એક અઠવાડિયા પહેલા 30 દિવસના પેરોલ પર મુક્ત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તે સિરસામાં ડેરા હેડક્વાર્ટર ખાતે રહ્યો હતો. પહેલા પણ, જ્યારે તે જેલમાંથી બહાર હતો, ત્યારે તે ઉત્તર પ્રદેશના બાગપતમાં ડેરાના આશ્રમમાં રહ્યો હતો.

અહીં તેણે પોતાના અનુયાયીઓને એક વીડિયો સંદેશ જાહેર કર્યો હતો, જેમાં તેમને ડેરા અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી હતી. તેમને ડેરામાં પોતાના અનુયાયીઓને એકઠા કરવાની મંજૂરી નથી, પરંતુ તે વર્ચ્યુઅલ કોમ્યુનિકેશન દ્વારા તેમની સાથે વાત કરી શકે છે.

પેરોલ: જો કેદીએ તેની સજાનો એક ભાગ પૂરો કરી લીધો હોય, તો તેને પેરોલ મળી શકે છે. ખાસ શરતોમાં જ કેદીઓને પેરોલ મળે છે, જેમ કે પરિવારમાં કોઈનું મૃત્યુ થાય કે બીમારી હોય, કોઈ નજીકના સંબંધીના લગ્ન હોય અથવા અન્ય જરૂરી કારણો હોય. પેરોલ 2 પ્રકારની હોય છે- રેગ્યુલર અને કસ્ટડી. રેગ્યુલર પેરોલમાં કેદી આઝાદ રહી શકે છે, પરંતુ કસ્ટડી પેરોલમાં કેદી સાથે પોલીસ હોય છે.

ફરલો વિશે પણ જાણો: ફરલો માટે કેદીને કોઈ ખાસ શરતની જરૂર હોતી નથી. આ તેનો કાનૂની અધિકાર છે. દરેક રાજ્યે ફરલો માટે પોતાના નિયમો અને માર્ગદર્શિકા બનાવી છે. ઘણા રાજ્યોના નિયમો અને માર્ગદર્શિકા લગભગ એકસરખા જ છે, ફક્ત ફરલો મેળવવાની પ્રક્રિયા અલગ-અલગ છે.



ગુજરાત
મંગળવાર । 06 જાન્યુઆરી 2026 | અમદાવાદ

# અમદાવાદના ચાંદખેડામાં સગીરા પર મામા-ભાઈએ આચર્યું દુષ્કર્મ, ભણાવવાના બહાને ગુજાર્યો ત્રાસ....

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં ફરી એકવાર લોહીના સંબંધોને લજવતી કલંકિત ઘટના સામે આવી છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતી એક સગીરા પર તેના જ સગા મામા અને મામાના દીકરાએ શારીરિક શોષણ અને બળાત્કાર ગુજાર્યો હોવાની આઘાતજનક વિગતો પ્રકાશમાં આવી છે. ભણાવવાના બહાને અને તાંત્રિક વિધિના નામે સગીરાની મજબૂરીનો ફાયદો ઉઠાવી પિતા-પુત્રએ માનવતા નેવે મૂકી હતી. આ મામલે પીડિતાની માતાએ હિંમત દાખવી ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




આ ઘટનાની વિગતો મુજબ, ફરિયાદી મહિલા ચાંદખેડા વિસ્તારમાં પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમની 17 વર્ષીય સગીર પુત્રી આ ક્રૂરતાનો ભોગ બની છે. સગીરા સાથે તેના જ સગા મામા અને મામાના દીકરાએ વારંવાર અડપલાં કરી બળાત્કાર ગુજાર્યો હતો. પોતાની સાથે થયેલા આ અત્યાચારથી ગભરાયેલી સગીરા લાંબા સમય સુધી મૌન રહી હતી, પરંતુ આખરે માનસિક ભાર ન સહી શકતા તેણે પોતાની બહેન અને માતાને આપવીતી સંભળાવી હતી.

આ ઘટનાની શરૂઆત ગત જુલાઈ માસમાં થઈ હતી જ્યારે સગીરાના મામી તેમને મળવા આવ્યા હતા અને સગીરાને થોડા દિવસ માટે તેમના ઘરે રહેવા લઈ ગયા હતા. સગીરાના મામા તાંત્રિક વિદ્યા કરતા હતા અને વ્યસની હતા. આ દરમિયાન, મામાનો દીકરો સગીરાને 'ગણિત' ભણાવવાના બહાને રાત્રે પોતાના રૂમમાં બોલાવતો હતો. અભ્યાસ કરાવતી વખતે તેણે સગીરા સાથે અડપલાં શરૂ કર્યા હતા. સગીરાએ વિરોધ કરતા તે ગુસ્સે ભરાયો હતો અને તેની પર વિકૃત કૃત્ય આચર્યું હતું.

હદ તો ત્યારે થઈ જ્યારે સગીરાના સગા મામાએ પણ તેની લાચારીનો ફાયદો ઉઠાવ્યો. મામાએ તાંત્રિક વિદ્યાનું બહાનું ધરી સગીરાને ડરાવી હતી કે 'તારા શરીરમાં કંઈક ઘૂસી ગયું છે, જે મારે બહાર કાઢવું પડશે', તેમ કહી તેના ગુપ્ત ભાગે અડપલાં કરી છેડતી કરી હતી. ત્યારબાદ મામાના દીકરાએ ફરીથી અભ્યાસના બહાને સગીરા પર અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ સતત થઈ રહેલા શોષણથી કંટાળીને સગીરાએ જ્યારે પોતાની માતાને બધી વાત કરી, ત્યારે પરિવારે તુરંત પોલીસનો સંપર્ક કર્યો હતો. હાલમાં ચાંદખેડા પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેઓની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરી છે.

## રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રેલી યોજાઈ

# વાહન ચલાવતી વખતે હંમેશા યાદ રાખો કે ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે : કલેક્ટર

**નડિયાદ, તા.05**

ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહનો જિલ્લા કલેકટર ,જિલ્લા પોલીસ વડા અને આરટીઓ અધિકારીએ પ્રારંભ કરાવ્યો છે.આ અંતર્ગત ગુરૂવારે કલેકટર કચેરી થી સંતરામ સુધી 4 કિ.મી જનજાગૃતિ રેલીનુ આયોજન કરાયું હતુ.જેમાં 50 પોલીસ જવાન, 20 હોમગાર્ડ અને 20 ટીઆરબી જવાનો બેનર સાથે માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવી હતી.



આ પ્રસંગે જિલ્લા કલેકટરે વાહન ચલાવતી વખતે હંમેશા યાદ રાખો કે ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે અપીલ કરી હતી.જેથી ફેટલ અકસ્માતોની સંખ્યા ઘટાડી શકાય છે. ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસનો પ્રારંભ થયો છે.

શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરીવર્તન થીમ અને માર્ગ સુરક્ષા જીવન બચાવ શીર્ષક હેઠળ રાજ્યભરમાં આ કામગીરી શરૂ થઈ છે. જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ અને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે શરૂ થયેલા અભિયાન અંતર્ગત નડિયાદ કલેકટર કચેરી થી સંતરામ સુધી 4 કિ.મી ની જનજાગૃતિ મોપેડ રેલીનું આયોજન કરાયું હતું.

# લેન્ડલાઇન ફોન હવે લુપ્ત થવાની અણીએ, ગુજરાતમાં ફક્ત 61000 કનેક્શન જ રહી ગયા

**ગાંધીનગર, તા.05**

મોબાઈલ ફોનના વધતાં જતાં પ્રભુત્વ વચ્ચે લેન્ડલાઈન ફોન હવે ભૂતકાળ બનવા તરફ આગળ વધી રહ્યા છે. ગુજરાતમાં એક વર્ષમાં બીએસએનએલના લેન્ડલાઈન ફોન કનેક્શનની સંખ્યા અડધોઅડધ ઘટીને 61523 થઈ ગઈ છે. બીજી તરફ ગુજરાતમાં 6.53 કરોડ મોબાઈલ કનેક્શન્સ છે.

ગુજરાતમાં હવે માત્ર 61 હજાર લેન્ડલાઈન ફોન જ્યારે 6.53 કરોડથી વધુ મોબાઈલ કનેક્શન



મોબાઈલ ફોન પા-પા પગલી ભરી રહ્યા હતા ત્યારે એટલે કે 2002-03ના સમયગાળામાં 29.78 લાખથી વધુ લેન્ડલાઈન ફોન કનેક્શન હતા. વર્ષ 2003થી 2007 દરમિયાન 23 લાખથી વધુ ઘરમાં લેન્ડલાઈન ફોનના કનેક્શન હોવાનું સામે આવ્યું છે. અલબત્ત, આ પછી લેન્ડલાઈન ફોનનું પ્રમાણ તબક્કાવાર ઘટવા લાગ્યું છે. હાલ ખાસ કરીને સરકારી કચેરીઓમાં જ લેન્ડલાઈન ફોન જોવા મળે છે. આ સિવાય ભાગ્યે જ કોઈ ઘરમાં લેન્ડલાઈન કનેક્શન આજે પણ હોય છે. 1950થી 1980ના દાયકા સુધી લેન્ડલાઈન ફોન એક લક્ઝરી સમાન હતા અને સાધન-સંપન્ન પરિવારમાં જ તે જોવા મળતા. ગુજરાતમાં 1950-51માં 3866, 1960-61માં 18332, 1970-71માં 68193 લેન્ડલાઈન ફોનના કનેક્શન હતા. આ પ્રમાણ 1980ના દાયકાથી વધવા લાગ્યું હતું. 1980-81માં 1.98 લાખ, 1990-91માં 4.53 લાખ અને 1996-67માં 10.78 લાખ લેન્ડલાઈન ફોનના કનેક્શન હતા. બીજી તરફ ગુજરાતમાં હાલ 8889 જેટલી પોસ્ટ ઑફિસ છે. પોસ્ટ ઑફિસની સંખ્યામાં ખાસ કોઈ ઘટાડો જોવા મળ્યો નથી.

# કાયમી ધોરણે ટ્રાફિક પોઈન્ટ ઉભો કરવા માંગ: આણંદ બાકરોલ ટી પોઈન્ટ પાસે ટ્રાફિક પોઈન્ટના અભાવે રોજ સાંજે ચાર કલાક સુધી ટ્રાફિક જામ......

**આણંદ, તા.05**

કરમસદ આણંદ શહેરના બાકરોલ ટી પોઈન્ટ માર્ગ પર ટ્રાફિક પોઈન્ટના અભાવે સવાર સાંજ એક સાથે 500થી વધુ વાહનો ભેગા થઈ જતાં ચાર કલાક સુધી ટ્રાફિક જામ રહે છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી વેઠવાનો વખત આવે છે.

તો વળી ક્યારેક તો વાહનચાલકો વચ્ચે બોલાચાલીના બનવો બંને છે. તો વળી વાહનચાલકો વારંવાર હોન વગાળતાં હોવાથી આજુબાજુ વેપારીઓ સહિત રહીશો હેરાન થઈ રહ્યાં છે.

જેને ધ્યાને લઈને તાત્કાલિક બાકરોલ ટી પોઈન્ટ પર ટ્રાફિક પોઈન્ટ બનાવીને કાયમી ધોરણે ટ્રાફિકના સંચાલન માટે ટ્રાફિક પોલીસ ફાળવવાની માંગ ઉઠવા પામી છે.



કરસમદ આણંદ શહેરના લાંભવેલ દાંડી માર્ગ પાસે બાકરોલ ટી પોઈન્ટ પડે છે. ટી પોઈન્ટ પર પાંચ તરફ જવાના માર્ગો આવેલા છે. હાલમાં લગ્ન સીઝન ચાલી રહી છે. તેમજ વડતાલ સહિત લાંભવેલ હનુમાનજી મંદિર મોટી સંખ્યામાં દર્શાનાર્થીઓ વાહન લઈને અવરજવર કરતાં હોય છે. તેમજ નડિયાદ તરફથી આવતાં 2 હજારથી વધુ વાહનો રાજપત માર્ગ કે બાકરોલ તરફ જાય છે.

હાલમાં બાકરોલ ટી પોઈન્ટ લાંભેવલ તરફનું માર્ગ અને રાજપથ એક બાજુના માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે સવાર સાંજ એક સાથે 500થી વધુ વાહનો ચોકડી પર ભેગા થઈ જતાં ટ્રાફિક જામ થઈ જાય છે. વાહનચાલકો ચાર ચાર કલાક સુધી ટ્રાફિકમાંથી બહાર નીકળી શકતા નથી. જેને ભારે હાલાકીઓનો સામનો કરવો પડે છે.

રવિવાર સાંજે પણ ટ્રાફિક જામ થઈ જતાં ટ્રાફિક પોલીસના અભાવે કેટલાંક સેવાભાવિ યુવકો ટ્રાફિક હળવો કરવા માટે ભારે જહેમત ઉઠાવી પડી હતી. તેને ધ્યાને લઈને તાત્કાલિક ટ્રાફિક પોઈન્ટ મુકવાની માંગ વાહનચાલકો દ્વારા કરવામાં આવી છે.

બાકરોલ ટી પોઈન્ટ આસપાસ મોટા મોટા કોમ્પ્લેક્ષોમાં ઓફિસો, દુકાનો અને 50થી વધુ સોસાયટીઓ આવેલી છે. પરંતુ પોઈન્ટ ટ્રાફિક જામ થઈ જતા સ્થાનિકો ભારે હાલાકી વેઠવી પડે છે.

બાળકોને સ્કૂલેથી લઈને પરત ઘરે ફરતી વખતે ટ્રાફિક જામ હોવાથી એક કલાકનો સમય બગડે છે. તેમજ ટ્રાફિક ફસાયેલા વાહનાચાલકો સતત હોન મારતાં હોવાથી નજીક રહેતા વૃદ્ધો અને બાળકો પણ હેરાન થાય છે.

આગામી 5 વર્ષમાં આ વિસ્તારની વસ્તી 10 હજાર પાર જાય તેવી સંભાવના છે. જેને ધ્યાને લઈને આગામી 2 દાયકાના ટ્રાફિકને ધ્યાને લઈને માર્ગો પહોળો કરવા તેમજ ટ્રાફિક પોઈન્ટ ઉભો કરવા અને ટ્રાફિક સિગ્નલ બેસાડવામાં આવે તો પ્રશ્ન હલ થાય તેમ છે.

# 'સ્મશાન નહીં તો વોટ નહીં': અમદાવાદના ભાડજ ગામમાં ભાજપ અને AMC વિરુદ્ધ રોષ, ચૂંટણી બહિષ્કારનું એલાન

**અમદાવાદ, તા.05**

સ્માર્ટ શહેર અમદાવાદની આ એક તસવીર જુઓ! જ્યાં નેતાઓના નામ મોટા દર્શન ખોટા વાળી કહેવત સાચી ઠરે છે. થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્મશાનની તકલીફ છે, અનેક રજૂઆત છતાં પણ ચૂંટાયેલા નેતાઓ અને AMC આંખ આડા કાન કરી રહ્યું છે, આખરે લોકોએ કંટાળી 'સ્મશાન નહીં તો વોટ નહીં'ના પોસ્ટરો સાથે ભાજપ અને AMC સત્તાધીશોનો વિરોધ કર્યો છે.




અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્થાનિક સુવિધાઓના અભાવે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. લાંબા સમયથી સ્મશાનગૃહની માંગણી સંતોષવામાં ન આવતા ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. વિકાસના દાવાઓ વચ્ચે પાયાની જરૂરિયાત ગણાતી સ્મશાનની સુવિધા ન મળતા ગ્રામજનોએ એકસૂરે આગામી ચૂંટણીઓના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે અને ગામના પ્રવેશદ્વારો પર વિરોધ પ્રદર્શન કરતા બોર્ડ લગાવી દીધા છે.

આ વિરોધ પ્રદર્શનમાં ભાડજ ગામના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા છે. ગામના રહીશોનું કહેવું છે કે, આધુનિક અમદાવાદમાં સમાવિષ્ટ હોવા છતાં તેમના વિસ્તારમાં અંતિમ સંસ્કાર માટે કોઈ વ્યવસ્થા નથી. જ્યારે પણ ગામમાં કોઈનું મૃત્યુ થાય છે, ત્યારે મૃતદેહને છેક એસ.જી. હાઈવે ઓળંગીને દૂર આવેલા થલતેજ સ્મશાનગૃહ સુધી લઈ જવો પડે છે. ટ્રાફિક અને અંતરના કારણે અંતિમ યાત્રામાં જે મુશ્કેલીઓ પડે છે તેનાથી કંટાળીને હવે ગ્રામજનોએ 'સ્મશાન નહીં તો વોટ નહીં'નું સૂત્ર બુલંદ કર્યું છે.

ભાડજ ગામમાં હાલ ઠેર-ઠેર ભાજપ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) વિરુદ્ધ બેનરો જોવા મળી રહ્યા છે. આ બેનરોમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, 'જ્યાં સુધી સ્મશાનનું નિર્માણ નહીં થાય, ત્યાં સુધી ભાજપના કોઈ પણ નેતા કે AMCના પદાધિકારીઓએ ગામમાં પ્રવેશ કરવો નહીં.' ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા આ બાબતે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે.

બીજી તરફ, આ મામલે રાજકીય વિવાદ પણ છેડાયો છે. સ્થાનિક કોર્પોરેટરે ગ્રામજનોની આ માંગણીને ગેરવાજબી ગણાવતા તર્ક આપ્યો છે કે થલતેજ વોર્ડમાં પહેલેથી જ બે સ્મશાનગૃહ કાર્યરત છે.

# અમદાવાદના બોપલમાં મોડી રાતે ભીષણ આગ, સિલિન્ડર બ્લાસ્ટ થતાં અફરાતફરી, સદનસીબે જાનહાનિ ટળી

**અમદાવાદ, તા.05**

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં આવેલા જાણીતા સોબો સેન્ટર પાસે ગત મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. અહીં પતરાના શેડ બનાવીને તૈયાર કરવામાં આવેલા પતંગ અને ફટાકડાના કામચલાઉ સ્ટોલમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ફટાકડાના મોટા જથ્થામાં ધડાકા થવા લાગ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફટાકડા ફૂટવાનો અવાજ ગુંજી ઉઠ્યો હતો અને સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.



આગની આ ઘટના દરમિયાન એક જોરદાર વિસ્ફોટ સંભળાતા લોકોમાં ભય વધી ગયો હતો. પ્રાથમિક વિગતો મુજબ, સ્ટોલમાં રાખવામાં આવેલો ગેસ સિલિન્ડર ગરમીના કારણે ફાટતા આ મોટો બ્લાસ્ટ થયો હતો. સિલિન્ડર ફાટવાના કારણે આસપાસની દુકાનોને પણ નુકસાન પહોંચ્યું હતું અને આગ વધુ પ્રસરી હતી. પતંગ અને ફટાકડા જેવી જ્વલનશીલ વસ્તુઓ હોવાને કારણે મિનિટોમાં જ આખું માળખું બળીને ખાખ થઈ ગયું હતું. સદનસીબે, રાત્રિનો સમય હોવાથી જાનહાનિ ટળી હતી.

આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી અને ટૂંક સમયમાં તેના પર કાબૂ મેળવી લીધો હતો. આ દુર્ઘટનામાં માલસામાનને ભારે નુકસાન થયું છે, પરંતુ કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિના સમાચાર ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

# બાપુનગરમાં છરા સાથે આવેલા શખ્સોનો આતંક: પુત્રોની નજર સામે જ પિતાને નિર્દયતાપૂર્વક ફટકાર્યા

**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ફરી એકવાર અસામાજિક તત્વોનો ત્રાસ સામે આવ્યો છે. શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલી એક ચાલીમાં જૂની અદાવત રાખીને કેટલાક શખ્સોએ ખુલ્લેઆમ આતંક મચાવ્યો હતો. ઉત્તરાયણના પર્વ પૂર્વે પતંગ ચગાવી રહેલા યુવકોની નજર સામે જ તેમના પિતા પર હુમલો કરી, વાહનોમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી છે.



બાપુનગરના ગજાનંદ એસ્ટેટ સામે આવેલી રામદેવનગર ચાલીમાં રહેતા 60 વર્ષીય નિવૃત રામકિશોર વિક્રમસિંગ સીકરવારે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રામકિશોરભાઈ પોતાના પરિવાર સાથે નિવૃત જીવન જીવી રહ્યા છે. ગત સાંજે જ્યારે તેઓ પોતાના ઘર પાસે હતા, ત્યારે તે જ વિસ્તારમાં રહેતા અતુલ ઉર્ફે ભોલુ નામના શખ્સે અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ સાથે મળીને રામકિશોરભાઈ પર હિંસક હુમલો કર્યો હતો. આરોપીઓએ વૃદ્ધને ગડદાપાટુંનો માર મારી જમીન પર પાડી દીધા હતા.

મળતી માહિતી મુજબ, આ હુમલા પાછળ આશરે છ મહિના પહેલા થયેલો એક ઝઘડો જવાબદાર છે. અગાઉ અતુલ ઉર્ફે ભોલુ સાથે થયેલી બોલાચાલીમાં સામસામી પોલીસ ફરિયાદ થઈ હતી, જેની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનાના દિવસે રામકિશોરભાઈના બંને પુત્રો ઘરના ધાબા પર પતંગ ચગાવી રહ્યા હતા અને પત્ની બહાર બેઠા હતા, ત્યારે આરોપીઓ મટન કાપવાના છરા અને તીક્ષ્ણ હથિયારો સાથે ધસી આવ્યા હતા.

# નડિયાદમાં 'ઓનેસ્ટ સ્પા'ના નામે ચાલતું કૂટણખાનું ઝડપાયું

## પોલીસે બેવર્લી ઓર્કિડ કોમ્પ્લેક્સમાં દરોડા પાડી ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો

**નડિયાદ, તા.05**

નડિયાદ શહેરના ખેતા તળાવ વિસ્તારમાં આવેલા બેવર્લી ઓર્કિડ કોમ્પ્લેક્સમાં 'ઓનેસ્ટ સ્પા'ની આડમાં ચાલતા કૂટણખાનાનો નડિયાદ ટાઉન પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિનો ભાંડો ફોડ્યો હતો.

પોલીસને સચોટ બાતમી મળી હતી કે, ખેતા તળાવ પાસેના બેવર્લી ઓર્કિડ કોમ્પ્લેક્સના ત્રીજા માળે, શોપ નંબર F-3 306માં 'ઓનેસ્ટ સ્પા' નામનું સેન્ટર કાર્યરત છે. આ સ્પાની આડમાં બહારથી યુવતીઓને લાવીને દેહવ્યાપારનો ધંધો ચલાવવામાં આવતો હતો.



દરોડા દરમિયાન પોલીસે સ્પાના સંચાલક ઘનશ્યામ ઉર્ફે મોન્ટુ ઉમેદભાઈ પરમાર અને જેનીફરબેન નામના દંપતીને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ દંપતી ગ્રાહકો પાસેથી પૈસા લઈને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવતું હતું.

પોલીસે ઘટનાસ્થળેથી આશરે 5,000 રૂપિયાની કિંમતનો એક મોબાઈલ ફોન, કાઉન્ટર પરથી 1,500 રૂપિયા રોકડા અને અન્ય 2,500 રૂપિયા સહિત કુલ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, સ્થળ પરથી કેટલીક વાંધાજનક સામગ્રી પણ મળી આવી હતી. પોલીસને સચોટ બાતમી મળી હતી કે, ખેતા તળાવ પાસેના બેવર્લી ઓર્કિડ કોમ્પ્લેક્સના ત્રીજા માળે, શોપ નંબર F-3 306માં 'ઓનેસ્ટ સ્પા' નામનું સેન્ટર કાર્યરત છે. આ સ્પાની આડમાં બહારથી યુવતીઓને લાવીને દેહવ્યાપારનો ધંધો ચલાવવામાં આવતો હતો.

પોલીસે સ્પા સેન્ટરમાંથી ગ્રાહકોની વિગતો નોંધવા માટે રાખેલી એક ડાયરી અને સીપી પ્લસ કંપનીનું ડીવીઆર પણ કબજે કર્યું છે. આ ડાયરી અને સીસીટીવી ફૂટેજની તપાસ દ્વારા સ્પામાં આવતા ગ્રાહકો અને આ વ્યવસાયમાં સંડોવાયેલા અન્ય લોકો વિશે વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

નડિયાદ ટાઉન પોલીસે પકડાયેલા દંપતી વિરુદ્ધ 'ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શન એક્ટ'ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ નેટવર્ક સાથે અન્ય કોઈ વ્યક્તિઓ સંકળાયેલા છે કે કેમ તે દિશામાં પણ વધુ તપાસ ચાલી રહી છે.

# CG રોડ પર ચાલવા નીકળેલા બે મિત્રોને બાઈકચાલકે મારી ટક્કર, એકનું મોત..

**અમદાવાદ, તા.05**

અમદાવાદના હૃદયસમાન સી.જી. રોડ પર મોડી રાત્રે સ્પીડ અને સ્ટંટના ક્રેઝે એક આશાસ્પદ યુવકનો જીવ લીધો છે. પૂરપાટ ઝડપે દોડતી મોંઘેરી બાઈકે રસ્તો ઓળંગી રહેલા 25વ ર્ષીય શ્રમિક યુવકને એવી જોરદાર ટક્કર મારી કે યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ભયાનક અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.




મળતી વિગતો અનુસાર, સી.જી. રોડ વિસ્તારમાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતો પ્રકાશ ડિંડોર ગત રાત્રે તેના મિત્ર મહેન્દ્ર ચૌહાણ સાથે જમ્યા બાદ ટહેલવા નીકળ્યો હતો. મરડિયા પ્લાઝા પાસે બંને મિત્રો સાવચેતીપૂર્વક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે જ ગોતા તરફથી આવતી એક હાઈ-સ્પીડ બાઈકે પ્રકાશને અડફેટે લીધો હતો. પ્રત્યક્ષદર્શીઓના મતે ટક્કર એટલી પ્રચંડ હતી કે પ્રકાશ બાઈક નીચે કચડાઈ ગયો હતો અને તેને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી.

આ અકસ્માત સર્જનાર બાઈક ચાલકની ઓળખ સુફિયાન મુસ્તુફા (રહે. ગોતા, PG) તરીકે થઈ છે. અકસ્માત સમયે બાઈકની ગતિ એટલી વધારે હતી કે ટક્કર બાદ ચાલક પોતે પણ રોડ પર ફંગોળાયો હતો, જેને હાલ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલીને અકસ્માત અંગેના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. સી.જી. રોડ પર મોડી રાત્રે ખેલાતા મોતના આ તાંડવે ફરી એકવાર ટ્રાફિક સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# થાઈલેન્ડમાં ભારતીયને ગાડીમાંથી ખેંચી, લાતે ને લાતે ફરી વળી: મસાજ કરાવ્યા બાદ પેમેન્ટ ચૂકવવાની ના પાડતાં ટ્રાન્સજેન્ડર મહિલાઓએ મારી મારી અધમૂઓ કર્યો......







**પટાયા, તા.05**

થાઈલેન્ડના ટૂરિસ્ટ શહેર પટાયામાં એક ભારતીય પ્રવાસી સાથે મારપીટનો કિસ્સો સામે આવ્યો છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ અનુસાર, 27 ડિસેમ્બરની રાત્રે કેટલાંક ટ્રાન્સજેન્ડર મહિલાઓએ એક ભારતીય નાગરિક પર હુમલો કર્યો હતો. આરોપ છે કે ટૂરિસ્ટે મસાજના બદલામાં પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો.

આ ઘટના કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. તેમાં ત્રણ ટ્રાન્સજેન્ડર મહિલાઓ 52 વર્ષીય ભારતીય નાગરિક રાજ જસૂજા પાસેથી પૈસાની માગ કરી રહી છે. જ્યારે તેણે પેમેન્ટ કરવાનો ઈનકાર કર્યો અને કારમાંથી ત્યાંથી રવાના થવાની કોશિશ કરવા લાગ્યો, ત્યારે વિવાદ શરૂ થયો.

રિપોર્ટ્સ અનુસાર, આ ઘટનામાં સામેલ વ્યક્તિની ઓળખ 52 વર્ષીય ભારતીય નાગરિક રાજ જસુજા તરીકે થઈ રહી છે. રાજ જસુજાએ કથિત રીતે બોયગર્લ પાસેથી સર્વિસ લીધા પછી નક્કી કરેલી રકમ ચૂકવી ન હતી, જેના પછી ત્યાં હાજર ટ્રાન્સવુમનના એક જૂથે તેના પર હુમલો કર્યો. વીડિયોમાં જોઈ શકાય છે કે રસ્તા પર લોકોની હાજરી હોવા છતાં મારપીટ ચાલુ રહી અને આસપાસ ઉભેલા લોકો તમાશો જોતા રહ્યા. વીડિયોમાં ટ્રાન્સવુમનનું જૂથ વ્યક્તિને ખૂબ જ ખરાબ રીતે મારતું દેખાઈ રહ્યું છે. તેઓએ જસૂજાને કારમાંથી બહાર ખેંચીને માર માર્યો. બાદમાં ઈમરજન્સી રેસ્ક્યુ ટીમે તેમને બચાવ્યા. જસૂજાના ચહેરા અને માથામાં ઈજા થઈ હતી.

તેમને સારવાર માટે પટ્ટામાકુન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. થાઈ પોલીસે જણાવ્યું છે કે જસૂજા સંપૂર્ણ સ્વસ્થ થયા પછી તેમને ઔપચારિક ફરિયાદ નોંધાવવા માટે કહેવામાં આવશે. આ પછી, મામલાની તપાસ થાઈ કાયદા હેઠળ કરવામાં આવશે.

## ભારત ફરવા આવી હતી, ધોરણ દસ નાપાસને દિલ દઈ બેઠી: ફ્રાન્સની યુવતી અને જયપુરનો ઓટો ડ્રાઈવર



નવી દિલ્હી, તા.05

ભારત ફરવા આવેલી ફ્રાન્સની એક યુવતી અને એક ભારતીય રિક્ષા ડ્રાઈવર... બંનેની અલગ અલગ દુનિયા, પણ દિલ એક થઈ ગયું. વિઝાની અડચણો આવી, મુશ્કેલીઓ વધી, પરંતુ પ્રેમ આખરે સરહદો ઓળંગી ગયો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી આ લવસ્ટોરી છે ફ્રાન્સની એક યુવતીની , જે ભારત ફરવા હતી. આ દરમિયાન, તે એક સ્થાનિક ઓટો ડ્રાઈવરને મળી. જે સામાન્ય વાતચીત તરીકે શરૂ થયું ને ધીમે ધીમે મિત્રતા અને પછી પ્રેમ. ભાષાઓ, સંસ્કૃતિઓ અને દેશો અલગ હતા, પરંતુ તેમની લાગણીઓની ભાષા એક હતી. વાયરલ થઈ રહેલી આ લવસ્ટોરી લોકોના દિલને સ્પર્શી રહી છે, કારણ કે તે સાદગી અને સાચા પ્રેમની છે- એક એવી ચાહત જે આજના યુગમાં ભાગ્યે જ જોવા મળે છે. ક્યારેક રીક્ષામાં માત્ર એક મુસાફર બદલાવાથી જીવન નવો વળાંક લઈ લે છે. જયપુરના એક સામાન્ય ઓટો ડ્રાઈવર અને ફ્રાન્સથી ભારતની મુલાકાતે આવેલી એક યુવતીની આ લવ સ્ટોરી જણાવે છે કે પ્રેમ ન તો દેખાવ કે ન તો ડિગ્રી...બસ દિલ જુએ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર @venom1s એકાઉન્ટ દ્વારા શેર કરાયેલ એક મિનિટનો વીડિયોએ બધાના દિલ જીતી લીધા છે. આ વીડિયો, કપલના ફોટા સાથે લખ્યું છે કે આ યુવાન જયપુરમાં એક સામાન્ય ઓટો-રિક્ષા ચાલક હતો. જ્યારે ફ્રેન્ચ મુસાફર સારા તેના ઓટોમાં બેઠી ત્યારે તેનું જીવન બદલાઈ ગયું. તે યુરોપથી ભારત ફરવા આવી હતી, અને તે યુવક તેને લગભગ બે અઠવાડિયા સુધી તેની ઓટોમાં જયપુરની આસપાસ લઈ ગયો.

# USમાં ભારતીય મહિલાની ચાકુ મારીને હત્યા: એક્સ બોયફ્રેન્ડના એપાર્ટમેન્ટમાંથી જ મૃતદેહ મળ્યો.....

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકાના મેરીલેન્ડ રાજ્યમાં નવા વર્ષથી ગુમ થયેલી એક ભારતીય મહિલાનો મૃતદેહ તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડના એપાર્ટમેન્ટમાંથી મળી આવ્યો છે. મહિલાના શરીર પર ચાકુના ઘાના નિશાન મળ્યા છે. પોલીસે આ મામલે તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ વિરુદ્ધ હત્યાનો કેસ દાખલ કર્યો છે.

હાવર્ડ કાઉન્ટી પોલીસના જણાવ્યા અનુસાર, 27 વર્ષીય નિકિતા ગોદિશાલાનો મૃતદેહ કોલંબિયા વિસ્તારમાં તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ અર્જુન શર્માના એપાર્ટમેન્ટમાંથી મળ્યો. પોલીસે અર્જુન શર્મા વિરુદ્ધ ફર્સ્ટ અને સેકન્ડ ડિગ્રી મર્ડરનો ધરપકડ વોરંટ જારી કર્યો છે.

પોલીસનું કહેવું છે કે અર્જુન શર્માએ 2 જાન્યુઆરીએ નિકિતાના ગુમ થયાનો રિપોર્ટ નોંધાવ્યો હતો, પરંતુ તે જ દિવસે તે અમેરિકાથી ભારત ભાગી ગયો. અધિકારીઓને શંકા છે કે 31 ડિસેમ્બરની સાંજે લગભગ 7 વાગ્યે અર્જુને નિકિતાની હત્યા કરી.

હોવર્ડ કાઉન્ટી પોલીસ અમેરિકી ફેડરલ એજન્સીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે મળીને અર્જુનની શોધ કરી રહી છે.



અમેરિકી એટર્ની ઓફિસ ઈન્ટરપોલ દ્વારા રેડ નોટિસ જારી કરવાની તૈયારીમાં છે. રેડ નોટિસ જારી થવા પર લગભગ 200 દેશો, જેમાં ભારત પણ સામેલ છે, ને આરોપીની જાણકારી આપવામાં આવે છે, જેથી તેની ધરપકડ કરી શકાય.

અમેરિકા અને ભારત વચ્ચે પ્રત્યાર્પણ સંધિ છે, પરંતુ આરોપીને ભારતથી પાછો લાવવાની પ્રક્રિયામાં ઘણા મહિના લાગી શકે છે. ભારતની દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નિવેદન જારી કરીને જણાવ્યું છે કે તે નિકિતાના પરિવારના સંપર્કમાં છે અને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

નિકિતા એક હેલ્થકેર પ્રોફેશનલ અને ડેટા એનાલિટિક્સ એક્સપર્ટ હતી. તેમણે ભારતની જવાહરલાલ નહેરુ ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી ડોક્ટર ઓફ ફાર્મસી (PharmD)ની ડિગ્રી મેળવી હતી અને અમેરિકાની યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ, બાલ્ટીમોર કાઉન્ટીમાંથી હેલ્થ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં માસ્ટર્સ કર્યું હતું.

પોલીસનું કહેવું છે કે અર્જુન અને નિકિતાનો સંબંધ પૂરો થઈ ગયો હતો, પરંતુ તેઓ સંપર્કમાં હતા. હાલ હત્યાનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી.

# મોદી સારા માણસ...પણ મને ખુશ કરવો જરૂરી....:ટ્રમ્પે ફરી ધમકી આપી, કહ્યું- જો ભારત રશિયન તેલ મુદ્દે અમારી મદદ નહીં કરે તો અમે ટેરિફ વધારીશું

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના રશિયા પાસેથી ઓઈલ આયાત ઘટાડવા અંગે નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે ભારતે આ નિર્ણય મને ખુશ કરવા માટે લીધો છે. ટ્રમ્પે રવિવારે એરફોર્સ વનમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'જો ભારત રશિયન ઓઈલના મુદ્દા પર મદદ નહીં કરે, તો અમે તેના પર ટેરિફ વધારી શકીએ છીએ'



યુક્રેન યુદ્ધ પછી ભારત રશિયાનો સૌથી મોટો ઓઈલ ખરીદનાર બની ગયો હતો. અમેરિકન અધિકારીઓએ આરોપ લગાવ્યો હતો કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદીને યુક્રેન પર થઈ રહેલા હુમલાઓને ફંડ કરી રહ્યું છે. આ મામલે ટ્રમ્પ પ્રશાસને ભારત પર 25% ટેરિફ પણ લગાવ્યો હતો.

ટ્રમ્પની નવી ચેતવણી નવી દિલ્હીના રશિયા સાથેના ઉર્જા વેપાર પર વોશિંગ્ટનમાં વધતી જતી તપાસ વચ્ચે આવી છે. ભારતે સતત તેની ઓઈલ ખરીદીનો બચાવ કર્યો છે કારણ કે તે તેની સ્થાનિક ઉર્જા જરૂરિયાતો માટે જરૂરી છે.ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી વચ્ચેની ટેલિફોન વાતચીતના થોડા અઠવાડિયા પછી જ આ ટિપ્પણી આવી છે, જે દરમિયાન બંને નેતાઓએ ટેરિફ સંબંધિત તણાવ છતાં દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં ગતિ જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ કોલ ભારતીય અને અમેરિકન અધિકારીઓ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વેપાર તણાવને ઉકેલવા માટે વાટાઘાટોના નવા રાઉન્ડની શરૂઆત સાથે સુસંગત છે. ગયા વર્ષની શરૂઆતમાં વાટાઘાટો શરૂ થઈ હતી પરંતુ અમેરિકાએ ભારતીય આયાત પર 50 ટકા ટેરિફ લાદ્યા બાદ તે અટકી ગઈ હતી.

ભારતે 2021 પછી પહેલીવાર રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત ઘટાડી છે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, ભારતની રશિયન ઓઈલ આયાત નવેમ્બરમાં લગભગ 17.7 લાખ બેરલ પ્રતિ દિવસ હતી, જે ડિસેમ્બરમાં ઘટીને લગભગ 12 લાખ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે. આવનારા સમયમાં તે 10 લાખ બેરલ પ્રતિ દિવસથી પણ નીચે જઈ શકે છે.

જાન્યુઆરીમાં આવનારા આંકડાઓમાં ભારતના રશિયન ઓઈલ આયાતમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. 21 નવેમ્બરથી રશિયાની બે મોટી ઓઈલ કંપનીઓ રોસનેફ્ટ અને લુકોઈલ પર અમેરિકન પ્રતિબંધો લાગુ થયા છે. આ પછી ભારતની રશિયાથી ઓઈલ આયાત ઘટવા લાગી છે.

યુક્રેન યુદ્ધ પછી રશિયાએ 20-25 ડોલર પ્રતિ બેરલ સસ્તું ક્રૂડ ઓઈલ વેચવાનું શરૂ કર્યું. ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 130 ડોલર પ્રતિ બેરલ હતી, આથી આ છૂટ ભારત માટે સસ્તી હતી.

જોકે, હવે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 63 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. રશિયાએ પણ પોતાની છૂટ ઘટાડીને 1.5 થી 2 ડોલર પ્રતિ બેરલ કરી દીધી છે. આટલી ઓછી છૂટમાં ભારતને પહેલા જેવો ફાયદો મળી રહ્યો નથી, ઉપરથી રશિયાથી ઓઈલ લાવવામાં શિપિંગ અને વીમા ખર્ચ પણ વધુ થાય છે.

આ જ કારણ છે કે ભારત હવે ફરીથી સાઉદી, UAE અને અમેરિકા જેવા સ્થિર અને ભરોસાપાત્ર સપ્લાયર્સ પાસેથી ઓઈલ ખરીદી રહ્યું છે, કારણ કે હવે કિંમતમાં પહેલા જેવો મોટો તફાવત રહ્યો નથી.

અમેરિકા અત્યાર સુધી ભારત પર 50% ટેરિફ લગાવી ચૂક્યું છે. તેમાંથી 25% 'રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફ' અને 25% ટેરિફ રશિયન ઓઈલ ખરીદવાને કારણે લગાવવામાં આવ્યો છે.

આના કારણે ભારતને અમેરિકામાં પોતાનો સામાન વેચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેની અસર ભારતના નિકાસ પર પડી રહી છે. બંને દેશો વચ્ચે ટેરિફ વિવાદને ઉકેલવા માટે ટ્રેડ ડીલ પર વાતચીત પણ ચાલી રહી છે.

ભારત ઈચ્છે છે કે તેના પર લગાવવામાં આવેલી કુલ 50% ટેરિફ ઘટાડીને 15% કરવામાં આવે અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર જે વધારાની 25% પેનલ્ટી લગાવવામાં આવી છે, તેને સંપૂર્ણપણે ખતમ કરવામાં આવે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી આ વાટાઘાટોથી નવા વર્ષમાં કોઈ નક્કર નિર્ણય આવવાની આશા છે.

# ટ્રમ્પને હવે ગ્રીનલેન્ડ જોઈએ: US રાષ્ટ્રપતિ કહ્યું-રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી, ત્યાં હાજર રશિયન-ચીની જહાજોથી જોખમ.....

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ગ્રીનલેન્ડ પર અમેરિકાનું નિયંત્રણ ઈચ્છવાની વાત જણાવી છે. આનાથી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના નેતાઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

ટ્રમ્પે સોમવારે એરફોર્સ વન પર પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડ ખૂબ જ જરૂરી છે અને ત્યાં રશિયન અને ચીની જહાજોની હાજરી ચિંતાનો વિષય છે. આ પહેલા ધ એટલાન્ટિક મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં પણ ટ્રમ્પે કહ્યું હતું કે સંરક્ષણની દ્રષ્ટિએ ગ્રીનલેન્ડ અમેરિકાને જોઈએ.

ડેનમાર્કનાં વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિક્સન ટ્રમ્પની આ ટિપ્પણી પર તરત પ્રતિક્રિયા આપી અને કહ્યું કે અમેરિકાનું ગ્રીનલેન્ડ પર કબજો કરવાની વાત કરવી સંપૂર્ણપણે વાહિયાત છે. જ્યારે ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને પણ ટ્રમ્પની ટિપ્પણીઓને ખોટી અને અપમાનજનક ગણાવી.

અમેરિકી સેના દ્વારા વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને પકડીને ન્યૂયોર્ક લઈ જવામાં આવ્યા બાદ આ વિવાદ વધુ ઘેરો બન્યો છે. માદુરો પર ડ્રગ્સની દાણચોરીના આરોપોમાં કેસ ચલાવવામાં આવશે.

ડેનમાર્કના વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'અમેરિકાને ગ્રીનલેન્ડ પર કબજો કરવાની કોઈ જરૂર નથી અને ન



તો તેની પાસે ડેનિશ સામ્રાજ્યના કોઈપણ ભાગને હડપવાનો કોઈ અધિકાર છે.'

ફ્રેડરિકસેને ટ્રમ્પને નજીકના સહયોગી દેશ વિરુદ્ધ ધમકીઓ આપવાનું બંધ કરવા અપીલ કરી અને યાદ અપાવ્યું કે ગ્રીનલેન્ડના લોકો પોતે સ્પષ્ટ કહી ચૂક્યા છે કે તેઓ વેચાઉ નથી.

ડેનમાર્ક નાટોનો સભ્ય છે અને અમેરિકા સાથે પહેલેથી જ તેનો સંરક્ષણ કરાર છે, જે અંતર્ગત ગ્રીનલેન્ડમાં પહેલેથી જ અમેરિકાની પહોંચ છે.

ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને કહ્યું કે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ગ્રીનલેન્ડને વેનેઝુએલા સાથે જોડીને સૈન્ય હસ્તક્ષેપની વાત કરે છે, ત્યારે આ માત્ર ખોટું જ નથી પરંતુ અમારા લોકો પ્રત્યે અપમાનજનક છે.

નીલ્સને 4 જાન્યુઆરીએ નિવેદન જારી કરીને કહ્યું- હું શરૂઆતથી જ શાંત અને સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે ગભરાટ કે ચિંતાનું કોઈ કારણ નથી. કેટી મિલરની પોસ્ટથી, જેમાં ગ્રીનલેન્ડને અમેરિકી ધ્વજમાં લપેટાયેલું બતાવવામાં આવ્યું છે, તેનાથી કંઈપણ બદલાતું નથી.

નીલ્સને કહ્યું, 'અમે સ્વતંત્ર ચૂંટણીઓ અને મજબૂત સંસ્થાઓ ધરાવતો લોકતાંત્રિક સમાજ છીએ. અમારી સ્થિતિ આંતરરાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય કરારો પર આધારિત છે. આના પર કોઈ પ્રશ્ન નથી. ગ્રીનલેન્ડ સરકાર શાંતિપૂર્વક અને જવાબદારીપૂર્વક પોતાનું કામ ચાલુ રાખી રહી છે.'

વેનેઝુએલામાં અમેરિકાની કાર્યવાહી પછી, વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારી સ્ટીફન મિલરની પત્ની કેટી મિલરે સોશિયલ મીડિયા પર ગ્રીનલેન્ડનો નકશો અમેરિકન ધ્વજના રંગમાં રંગીને પોસ્ટ કર્યો. આનાથી આ વિવાદ વધુ વકર્યો.

મિલરે પોતાની પોસ્ટના કેપ્શનમાં લખ્યું 'જલદી જ'. આનાથી ગ્રીનલેન્ડ અને ડેનમાર્કમાં અમેરિકી કબજાની આશંકાઓ વધી ગઈ. ટ્રમ્પ લાંબા સમયથી ગ્રીનલેન્ડને અમેરિકામાં સામેલ કરવાની વાત કરતા રહ્યા છે, જેમાં તેમણે રાષ્ટ્રીય સુરક્ષા, ખનિજ સંસાધનો અને આર્કટિક ક્ષેત્રમાં રશિયા-ચીનની હિલચાલનો હવાલો આપ્યો છે.

આ પહેલા માર્ચમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ગ્રીનલેન્ડના એક અમેરિકી સૈન્ય અડ્ડાની મુલાકાત લીધી હતી અને ડેનમાર્ક પર ત્યાં ઓછું રોકાણ કરવાનો આરોપ લગાવ્યો હતો.

નિષ્ણાતોનું માનવું છે કે વેનેઝુએલાની ઘટના પછી ટ્રમ્પની ગ્રીનલેન્ડ પરની ટિપ્પણીઓ નાટો સહયોગીઓ વચ્ચે તણાવ વધારી શકે છે. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ, ડેનમાર્ક સામ્રાજ્યનો ભાગ છે અને નાટોના સભ્ય છે, જેથી તેની સુરક્ષાની જવાબદારી નાટોની સામૂહિક સુરક્ષા હેઠળ આવે છે.

અમેરિકાનો ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ સાથેનો સંબંધ ગાઢ અને સહયોગી છે. ડેનમાર્ક નાટોનો સ્થાપક સભ્ય છે. 1951ના સંરક્ષણ કરારથી અમેરિકાને ગ્રીનલેન્ડમાં સૈન્ય મથક રાખવાની મંજૂરી છે. બંને દેશો સુરક્ષા, વિજ્ઞાન, પર્યાવરણ અને વેપારમાં સહયોગ કરે છે.

વ્યૂહાત્મક લશ્કરી મહત્વ: ગ્રીનલેન્ડ આર્કટિક ક્ષેત્રમાં આવેલું છે, જે અમેરિકા, યુરોપ અને રશિયા વચ્ચે લશ્કરી અને મિસાઈલ દેખરેખ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. અહીં અમેરિકાનો થુલે એર બેઝ પહેલેથી જ છે, જે મિસાઈલ ચેતવણી અને રશિયન/ચીનની હિલચાલ પર નજર રાખવા માટે જરૂરી છે.

ચીન અને રશિયા પર નજર: આર્કટિક ક્ષેત્રમાં રશિયા અને ચીનની હિલચાલ વધી રહી છે. ગ્રીનલેન્ડ પર પ્રભાવ હોવાથી અમેરિકા આ વિસ્તારમાં પોતાની ભૌગોલિક-રાજકીય પકડ મજબૂત રાખવા માંગે છે. કુદરતી સંસાધનો: ગ્રીનલેન્ડમાં દુર્લભ ખનિજો, તેલ, ગેસ અને રેર અર્થ એલિમેન્ટ્સના મોટા ભંડારો હોવાનું મનાય છે, જેનું ભવિષ્યમાં આર્થિક અને ટેકનોલોજી મહત્વ ખૂબ જ વધારે છે. ચીન તેમનું 70-90% ઉત્પાદન નિયંત્રિત કરે છે, તેથી અમેરિકા પોતાની નિર્ભરતા ઘટાડવા માંગે છે. નવા દરિયાઈ વ્યાપારી માર્ગો: ગ્લોબલ વોર્મિંગને કારણે આર્કટિકનો બરફ પીગળી રહ્યો છે, જેનાથી નવા શિપિંગ રૂટ્સ ખુલી રહ્યા છે. ગ્રીનલેન્ડ પરનું નિયંત્રણ અમેરિકાને આ રૂટ્સ પર દબદબો મેળવવા અને આર્કટિક ક્ષેત્રમાં રશિયા-ચીનની પ્રગતિ રોકવામાં મદદ કરશે. અમેરિકી સુરક્ષા નીતિ: અમેરિકા ગ્રીનલેન્ડને તેની રાષ્ટ્રીય સુરક્ષાની "ફ્રન્ટ લાઈન" માને છે. ત્યાં પ્રભાવ વધારીને તે ભવિષ્યના સંભવિત જોખમોને અગાઉથી જ રોકવા માંગે છે. અમેરિકન સૈનિકો 2 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને પકડીને લઈ ગયા હતા.

# ટ્રમ્પે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિને ધમકી આપી

## અમારી વાત નહીં માનો તો વધુ ખરાબ હાલ કરીશું, UNSCમાં ઈમરજન્સી મીટિંગ યોજાઈ

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને ખરાબ હાલત કરવાની ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું, 'જો ડેલ્સી તે નહીં કરે જે અમેરિકા વેનેઝુએલા માટે યોગ્ય માને છે, તો તેમની હાલત માદુરો કરતાં પણ વધુ ખરાબ થઈ શકે છે.'

ટ્રમ્પે આ વાત ધ એટલાન્ટિક મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં કહી છે. આ પહેલા ન્યૂયોર્ક પોસ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે જો રોડ્રિગ્ઝ અમેરિકાની વાત માની લે છે તો વેનેઝુએલામાં અમેરિકી સેના તૈનાત કરવાની જરૂર નહીં પડે.

બીજી તરફ રોડ્રિગ્ઝે માદુરોને સત્તા પરથી હટાવવાની ટીકા કરી છે. સાથે જ અમેરિકા પાસેથી માદુરોને પાછા મોકલવાની માગ કરી છે.

માદુરોની ધરપકડને લઈને આજે UNSCની ઈમરજન્સી મીટિંગ બોલાવવામાં આવી છે. તેમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિને કસ્ટડીમાં લેવાની અમેરિકી કાર્યવાહીની કાયદેસરતા પર ચર્ચા થશે.

ટ્રમ્પે રવિવારે કહ્યું કે વેનેઝુએલા ચલાવવા માટે એક ખાસ ટીમ બનાવવામાં આવી છે. તેમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, રક્ષા મંત્રી પીટ હેગસેથ અને અન્ય ટોચના અધિકારીઓ સામેલ હશે.

આ ટીમ વેનેઝુએલામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા, સરકારી સંસ્થાઓને ફરીથી કાર્યરત કરવા, તેલ, ઉર્જા અને સુરક્ષા જેવા મહત્વના ક્ષેત્રોને સ્થિર કરવા અને



સંક્રમણકાળને સંભાળવામાં મદદ કરશે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકા આ માટે વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે મળીને કામ કરી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને ખરાબ હાલત કરવાની ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું, 'જો ડેલ્સી તે નહીં કરે જે અમેરિકા વેનેઝુએલા માટે યોગ્ય માને છે, તો તેમની હાલત માદુરો કરતાં પણ વધુ ખરાબ થઈ શકે છે.'

ટ્રમ્પે આ વાત ધ એટલાન્ટિક મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં કહી છે. આ પહેલા ન્યૂયોર્ક પોસ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે જો રોડ્રિગ્ઝ અમેરિકાની વાત માની લે છે તો વેનેઝુએલામાં અમેરિકી સેના તૈનાત કરવાની જરૂર નહીં પડે.

વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે અમેરિકાને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમના પત્ની સિલિયા ફ્લોરેસને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી. તેમણે કહ્યું કે નિકોલસ માદુરો વેનેઝુએલાના કાયદેસર અને એકમાત્ર રાષ્ટ્રપતિ છે અને તેમને બળજબરીથી પકડવા સંપૂર્ણપણે ખોટું છે.

ડેલ્સી રોડ્રિગ્ઝે આ નિવેદન દેશની રાષ્ટ્રીય સંરક્ષણ પરિષદની બેઠક દરમિયાન આપ્યું, જેનું સીધું પ્રસારણ સરકારી ચેનલ VTV પર કરવામાં આવ્યું. ડેલ્સી અને સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ માદુરો અને તેમના પત્નીની ધરપકડને અપહરણ ગણાવ્યું.

અમેરિકી સૈનિકોએ 2 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસનું અપહરણ કરી લીધું હતું. આ પછી તેમને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા છે, જ્યાં તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. તેમના પર હથિયાર-ડ્રગ્સ સંબંધિત કેસોમાં મુકદ્દમો ચલાવવામાં આવશે.

તંત્રી લેખ

## કેન્દ્ર સરકારે રૂ.5631 કરોડ આપ્યા, ગુજરાતે વાપરવામાં ઠાગાઠૈયા કર્યા

ગુજરાતના વિકાસ માટે 'ડબલ એન્જિન સરકાર'ના નારા તમે ચૂંટણી સમયે ઘણા સાંભળ્યા હશે. પણ એક હકીકત જોતા એવું લાગે છે કે અધિકારીઓની આળસના કારણે ગુજરાતનું ગ્રોથ એન્જિન ધીમું પડ્યું છે. કેન્દ્ર સરકારે ગુજરાતને ત્રણ મોટા પ્રોજેક્ટ માટે 5631 કરોડ રૂપિયા છુટ્ટા હાથે આપ્યા હતા. પણ ચાર મહિનાથી ટેન્ડર કામગીરી અદ્ધરતાલ થઈ ગઈ અને વારો એવો આવ્યો છે કે માર્ચ, 2026 સુધીમાં કેન્દ્ર સરકારને સાડા પાંચ હજાર કરોડ કરતા વધુની રકમ વાપર્યા વગર પાછી આપવી પડી શકે છે. ઈન્વેસ્ટિગેશનમાં આજે વાંચો ગુજરાતના એવા ત્રણ પ્રોજેક્ટ વિશે, જેનું કામ પૂરું થાય તો કરોડો ગુજરાતીઓનું જીવન સરળ થઈ શકે છે. તેમ છતાં આ પ્રોજેક્ટના ટેન્ડરમાં જ કેમ ગોલમાલ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે? આ પાછળ કોનું હિત સચવાયેલું હોઈ શકે છે? અને બે અધિકારીઓની બદલીથી કેવી રીતે આખી પ્રક્રિયા પાટા પરથી ઉતરી ગઈ? દેશભરના ગામડાઓમાં આરોગ્યની યોજનાઓનો લાભ લેવો હોય, શિક્ષણને લગતી યોજનાના ફોર્મ ભરવા હોય કે પછી મહેસુલને લગતા વિવિધ ઉતારા અને નકલો કઢાવવી હોય કે પછી શહેરી વિકાસ વિભાગ સહિતની વિવિધ સેવાઓનો લાભ લેવો હોય, લોકોના આવા બધા કામો ઝડપથી અને સરળતાથી થઈ જાય એ માટે કેન્દ્ર સરકારે એક પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જેનું નામ ભારત નેટ રાખવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ થકી દેશભરના તમામ ગામોને ઈન્ટરનેટથી જોડી લેવાની યોજના બનાવી છે. આ પ્રોજેક્ટ હેઠળ ફાઈબર કેબલ્સ નાખીને ઈન્ટરનેટની સુવિધા અપાશે. જેના માટે દેશના કોઈપણ રાજ્યએ પોતાની તિજોરીમાંથી એકપણ રૂપિયો ખર્ચ કરવાની જરૂર નથી. તમામ ખર્ચો કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી જ થશે. આ દૂરદર્શી પ્રોજેક્ટને લાગુ કરવા માટે થોડા સમય પહેલાં કેન્દ્ર સરકારે દોઢ લાખ કરોડનું બજેટ બહાર પડ્યું હતું. જેમાં વિવિધ કંપનીઓને વર્કઓર્ડર આપી દેવાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ભારત નેટ પ્રોજેક્ટના ફેઝ-1 અને ફેઝ-2નું કામ થઈ ચૂક્યું છે. હવે ફેઝ-3ના કામ માટે ભારત નેટ, ગુજરત સરકાર અને વચ્ચે BSNL વચ્ચે 14 જૂન 2025ના રોજ MoU થયા હતા. ત્યાર બાદ કેન્દ્રીય ટેલિકોમ મંત્રાલયએ ગુજરાતને 5631 કરોડની ફાળવણી કરી છે. કેન્દ્ર સરકારની ગ્રાન્ટ મળ્યા બાદ ગુજરાત સરકારે અલગ-અલગ ત્રણ પ્રોજેક્ટ હેઠળ યોજનાને લાગુ કરવા ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરી. પણ આ ટેન્ડરના કામમાં ઘણી બેજવાબદારી દાખવવામાં આવી હોવાનું ખુલાસો દિવ્ય ભાસ્કરની તપાસમાં થયો છે. જેના પરિણામે ટેન્ડર ભરનારી કંપનીઓના કરોડો રૂપિયા એક રીતે ફસાઈ ચૂક્યા છે અને ખુદ મંત્રીના ધ્યાને આ મુદ્દો આવતા અંદરખાને દોડધામ મચી ગઈ છે. ટેન્ડર-1નું ટેકનિકલ ઈવેલ્યુએશન થઈ ગયું છે અને ભાવ પણ ખોલી દેવાયા હતા. તેમાં ઈઝરાયેલની રીબન કંપની L-1 આવી હતી.

## નિકોલ ખાતે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા કક્ષાનો 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર-2025-26' યોજાયો





ગાંધીનગર, તા. 05

સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો 'કારકિર્દી માર્ગદર્શન સેમિનાર - ૨૦૨૫-૨૬' નિકોલ સ્થિત દેવસ્ય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયો હતો. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે અને તેમનામાં સંસ્કારોનું સિંચન થાય તેવા શુભ આશયથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર શિક્ષા, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ (ગ્રામ્ય)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત સેમિનારમાં અંદાજે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર અંતર્ગત વક્તા શ્રી દીપક તેરૈયાએ વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડની વ્યવસ્થા, પૂર્વ તૈયારી, સંતુલિત આહાર, મોબાઈલનો મર્યાદિત ઉપયોગ અને આત્મવિશ્વાસ વધારવા જેવી બાબતો પર પ્રેરણાદાયક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે આર્થિક નબળી પરિસ્થિતિમાં પણ સફળતા મેળવનારાઓના ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રક્ષા શક્તિ યુનિવર્સિટીના કારકિર્દી માર્ગદર્શક શ્રી કૃણાલ વાગડ દ્વારા યુનિવર્સિટીના વિવિધ કોર્સ, શિષ્યવૃત્તિ અને હોસ્ટેલ સુવિધાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બી. એન. પ્રજાપતિએ ધોરણ-૧૦ અને ૧૨ પછીની વિવિધ તકો અને કૌશલ્યલક્ષી યુનિવર્સિટીઓ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગોગનભાઈ સગર, શિક્ષણ નિરીક્ષક શ્રી કેતનભાઈ વ્યાસ, શ્રી ચારુશીલાબેન મકવાણા, આચાર્ય શ્રી સ્નેહલભાઈ વૈદ્ય તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષકો શ્રી સંજયભાઈ નાયી, શ્રી ભાવેશભાઈ પ્રજાપતિ અને શ્રી સચિનભાઈ, જિલ્લા કો-ઓર્ડિનેટર કુંજલબેન પ્રજાપતિ અને સમગ્ર શિક્ષાની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# માત્ર ભગવો વેશ નહીં, પણ જેણે વૃત્તિનો વૈરાગ્ય લીધો હોય એ જ છે સાચો સાધુ!!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં સહ પરિવાર સાદર સષટાગ પ્રેમ પ્રણામ. જાન્યુઆરી શરૂ થયો અને સૂર્ય મકર રાશિમાં પ્રવેશવા ઉત્સુક હશે, પણ સંતાનો પાછાં જતાં રહેશે એ વિચારે મારી મમતા અત્યારથી અસ્ત તરફ ગતિ કરી રહી છે, અને એમાં ઘરમાં દાદીનો ખાટલો, એટલે એમાં ગમે તેટલું ચિંતન કરીએ તોય, હરક્ષણ સ્થિર રહેવું મુશ્કેલ છે! આપણાં શાસ્ત્રો કહે છે કે, આપણી મા જ આપણી ગુરુ છે કે, સાધુ છે, જે ખૂબ ઉચી પદવી ધરાવે છે, છતાં સાવ સામાન્ય રહે છે, જોકે એટલી હદે સમજાયું ત્યારે એ ધરા છોડી ચૂકી હતી! મા અને સંતાનનો સંબંધ એવો છે કે, એને વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. જેમ સંતાન દુઃખી થાય, ત્યારે એને સૌથી પહેલા એની મા યાદ આવે, એમ મા પણ દુઃખી થાય ત્યારે એને પણ પોતાના સંતાનો જ યાદ આવે.. પણ જીવનનો એક પડાવ એવો આવે કે, જ્યારે સંતાન મોટા થાય અને એને પણ પોતાના પરિવાર શરૂ કરી દીધાં હોય, અને મા થી દૂર વસવાટ કરવાનું થાય, અને પાછાં એ તો પોતાનામાં વ્યસ્ત થઈ જાય, ત્યારે મા માટે બહુ કઠિન સમય આવે. ઉપરથી ત્યારે જ ઋતુ ચક્ર અનુસાર પણ સ્ત્રીના જીવનમાં ઉત્સેચકો નું વધવું ઘટવું થતું હોય, એટલે શારીરિક અને માનસિક, બંને રીતે એને સંતુલન કરવું ક્યારેક અઘરું પડે! અને એવાં કંઈક ઉતાર ચડાવ ને પસાર કરી સ્ત્રી પોતાના મનોભાવને સ્થિર રાખી શકે તો એ સ્ત્રી સાધુ ચરિત ધરાવે છે, એમ કહી શકાય. સદગુરુ કૃપાથી જીવન સરિતા મમતા, સમતા, અને સમસ્તના ત્રિવિધ ઘાટે, અલગ-અલગ રોમાંચ અનુભવતી આગળ વધતી રહે છે. ડર, ભય, શોક, રોગ, આ જુદા-જુદા મનોભાવોને દરેક ખૂણેથી તપાસતી તપાસતી જીવનને હરપળ ઉજ્જવળ બનાવવા મથી રહી છે. પુજ્ય બાપુના કહેવા પ્રમાણે ભૂતકાળ શોક અપાવનાર, ભવિષ્ય ભય આપનાર, અને વર્તમાન અત્યારે મનોરોગથી પીડિત છે. અત્યારના સમયનો સમાજ આધુનિકતાના અનોખા વાયરસથી ગ્રસીત છે, એટલે ટૂંકમાં લગભગ બધા મનોરોગથી પીડીત છે. હા ક્યારેક માનવતાના ઉત્તમ મૂલ્યો, આપનારા ચરિત્ર પણ જોવા મળે છે. જે કોઈપણ સમયે કોઈને કોઈ રીતે મદદ કરવા માટે તત્પર છે. જ્યારે અમુક લોકો સંપૂર્ણપણે માનવતા ભૂલી જાય છે, અને સગાં માતાપિતા પણ એની માટે બોઝ રૂપ બને એવા લોકો જોવા મળે છે. નિત્ય વહેતી આ ચિંતનની ધારામા આ બધું જ તટસ્થતાથી જોઈને, લોક માનસની માનસિકતાનો તાગ મેળવવાની કોશિશ કરાય છે. સાધુ ચરિત ધરાવતા લોકોની સમયસરની જાગૃતિને કારણે જ સમાજ ટકી રહ્યો છે. એમની માટે



શોક કરવા જેવી કોઈ ઘટના નથી, કે કોઈ ઘટના ભય પમાડતી નથી, છતાં સાવધાની જરૂરી છે.

હવે આજનું ચિંતન સાધુ શબ્દ પરનું છે. સામાન્ય રીતે સાધુ શબ્દ કાને પડતાં જ આપણા માનસે એક ચિત્ર અંકિત થાય છે, જેમાં ભગવા વસ્ત્ર પહેરેલા હોય, હાથમાં કમંડળ હોય, ગળામાં રુદ્રાક્ષની માળા હોય, માથે જટા હોય તેવી વ્યક્તિ એટલે સાધુ.આને તો સાધુ કહેવાય પણ શું ફક્ત બાહ્ય દેખાવને અનુસરીને આપણે કોઈને સાધુ કહેવું પર્યાપ્ત છે. એમ તો રાવણ પણ સાધુનો વેશ પહેરીને જ આવ્યો હતો ને! એટલે બાહ્ય દેખાવને જોઈને કોઈને સાધુની પદવી આપવી તે યોગ્ય નથી. આપણે ઉપર જોયું તેમ સાધુ આમતો આંતરિક વૃત્તિઓને આધારે નક્કી થતાં હોય છે, અથવા તો સદ્ વૃત્તિને કારણે નક્કી થતું પદ છે, વૃત્તિ નો વૈરાગ્ય એ સાધુનું પ્રથમ લક્ષણ છે. સાધુ કે સંતએ સમાજનું ઘરેણું છે, અને આવા બુદ્ધ પુરુષોને કારણેજ સમાજ દીપી ઉઠે છે. સંસારમાં પ્રત્યક્ષ ન રહીને તે સંસારીઓનું માર્ગદર્શન કરે છે. તો સાધુ એટલે જે ફક્ત ભગવા પહેરે તે નહીં,પણ જેણે વિષયી વૃત્તિ ઓને ભગવા પહેરાવી વૈરાગ્ય લીધો હોય તે, જેનું અંત કરણ ગંગા જેવું નિર્મળ ને પવિત્ર હોય તે,જે સર્વ જન હિતાય જ જીવતા હોય,લોક મંગલ સિવાય તેના મનમાં બીજો કોઈ વિચાર ન હોય.તેના શ્વાસ અને ઉચ્છવાસ બંનેમાં પ્રેમ જ હોય. તેના દ્વાર પર રાય રંકના ભેદ ન હોય, દુનિયા દેખતાં તે એકદમ સામાન્ય છે, પણ ભીતર તેણે બ્રહ્માંડનું નિર્માણ કરેલું હોય છે,જ્યાં અપરંપાર અજવાળા છે.અને અસ્તિત્વ તેના વચનને પુરું કરવા કટિબદ્ધ બંને છે. પ્રકૃતિનાં પાંચેય તત્વો જાણે તેની ઈચ્છાને અનુસરતા હોય તેવું લાગે છે. ઘણી વાર મોટી હાની ટળી જતાં આપણે નજરે જોઈ છે. દાખલા તરીકે વાવાઝોડા દરિયાથી ફંટાઈને જતા રહે, અતિવૃષ્ટિમાં જાનહાની ન થવી,તો દુષ્કાળમાં એટલો ભૂખમરો ન થવો, વગેરે કોઈ સાધુની રહેમ કે કૃપાનું કારણ હોય છે.સાધુની સીધી વ્યાખ્યા કરવી હોય તો!

જે સરળ છે,જે સહજ છે,જે સાલસ, એટલે નિખાલસ છે

જે સહનશીલ છે,જે શૂરવીર છે.જે સંવેદનશીલ છે.

જે સંતોષી છે.જે સ્પષ્ટ છે, પારદર્શક છે, જે શ્રદ્ધાવાન છે.

જે ક્ષમાવાન છે. જે શાંત છે.

બાપુ વારંવાર સાધુની વ્યાખ્યા કરતાં જ હોય છે કારણકે દેશકાળ એવો છે કે સાચા સાધુ મળવા મુશ્કેલ છે, અને જો ઠગ ભટકાઈ જાય તો જીવન બગાડી નાખશે, એટલે જ એ કથામાં એક ભજનની વાત કહે છે, 'શાંતિ પમાડે તેને સંત કહીએ રે'સાધુનાં ગુણોની યાદી તો આનાથી પણ વધુ લાંબી થઈ શકે, એની માટે ફક્ત તેનો બાહ્ય દેખાવ જરૂરી નથી, એ પેન્ટ શર્ટમાં પણ સાધુ થઈ શકે, સાડીમા પણ સાધુ વૃતિ ધરાવી શકે, અને સૌથી મહત્વની વાત તે સૌને સ્વીકારી સ્નેહ સેતુ બાંધે છે. તેની માટે પોતાનાની વ્યાખ્યામાં પરિવાર નહીં વસુધૈવ કુટુંબ આવી જતું હોય છે. હાલતું ચાલતું જાણે કે સદવિચાર અને સદવૃત્તિનું ઠેકાણું હોય છે.તે ઈશ્વર સન્મુખ હોય છે,તો ક્યારેક ઈશ્વર સ્વરૂપ પણ લાગે છે. આપણને તેના દર્શન કરતાં સાક્ષાત્કાર થયાની અનુભૂતિ થાય છે.તે સૌને પોતાના પ્રભાવથી નહીં, પણ સ્વભાવથી વશ કરે છે.જીવનના હર મોડ પર તે આપણી સાથે જ છે, તેવો અહેસાસ થાય છે.અને આવા સાધુ પુરુષથી ભારતીય સંસ્કૃતિ લબોલબ ભરેલી છે, એટલે આજ સુધી તેની બોલબાલા છે.

તો સાધુ એટલે ફક્ત ભગવો વેશ પરિધાન કરી, ગિરનાર કે હિમાલયની ગિરી કંદરામાં સંસાર છોડીને ભ્રમણ કરતા દેખાય તે માત્ર નહીં! પણ આપણા જ સમાજનું જે એક અભિન્ન અંગ બની, સતત આપણી સાથે ચાલે અને સત્ય પ્રેમ ને કરુણાની રાહ પર ચાલવા માર્ગદર્શન આપે.. કારણ કે એ ફક્ત શબ્દ વિલાસ નથી પણ સદગુરુનો પ્રસાદ છે, જે ઈશની અનુકંપાથી મારે ભાણે આવ્યો છે, અને એને હું હું બસ આ રીતે સર્વ માં બાટી રહી છું. અહી લેશમાત્ર અહમ નથી, માત્ર પ્રેમ પ્રેમ ને પ્રેમ જ છે. આપણી આસપાસ વસતા લોકોમાંથી જ આવાં કોઈ સાધુ ચરિત્રને ચરણે રહેવાનો આપણને સૌને મોકો મળે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને વિરામ આપું છું. તો ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, જીવન સરિતાના નવા ઘાટે સ્નાન કરવા. સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# વિશાળ દરિયા ના ખારા પાણી બનીને શું કરશો,બનવું હોય તો મીઠા ઝરણાંનાં પાણી બનો,જ્યાં સિંહ પણ ઝુકીને પાણી પીએ છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ઓશો રજનીશના એક વિચાર બિંદુથી આજના લેખની શરૂઆત કરીએ તો'જે દિવસે તમને ખ્યાલ આવશે કે લોકો મૃતકોને કેટલી ઝડપથી ભૂલી જાય છે,તે દિવસે તમે લોકોને પ્રભાવિત કરવા માટે જીવવાનું બંધ કરી દેશો.'ઓશો.

ફક્ત આપણા શબ્દો જ અસર કારક ન હોવા જોઈએ,પણ આપણા કાર્યો પણ એટલા જ અસરકારક હોવા જોઈએ. પ્રયત્નો વિના,આપણા મહાન સંકલ્પો પણ રેતીનો વિશાળ કિલ્લો બનાવવા જેવા છે. આપણી પાસે સંકલ્પનો મજબૂત પાયો હોવો જોઈએ,પણ પ્રયત્નો ના મજબૂત સ્તંભો પણ હોવા જોઈએ, જેના પર સફળતાનો ગગનચુંબી ઈમારત બનાવી શકાય.ક્રિયા દ્વારા સ્થાપિત ઉદાહરણો ફક્ત શબ્દો કરતાં ઘણા વધુ અસરકારક છે.

માત્ર ઉપદેશો નકામા છે જ્યાં સુધી તેમને વ્યવહારમાં ન મૂકવામાં આવે.દરેક સફળ વ્યક્તિમાં એક સામાન્ય વાત એ છે કે તેમણે ફક્ત શબ્દો દ્વારા જ નહીં પરંતુ તેમના કાર્યો દ્વારા પણ ઉદાહરણો રજૂ કર્યા છે.જે મહત્વનું છે તે ફક્ત સારું કહેવું નહીં,પરંતુ સારું કરવું છે.તેથી, ફક્ત સારું કહેવું નહીં,પણ સારું કરવું એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ.

એક સુંદરનગર નામના શહેરમાં એક ધનવાન માણસ રહેતો હતો. તેનામાં દરેક ગુણ પણ એક માત્ર વસ્તુનો અભાવ હતો સંયમ જાળવવાની ક્ષમતા



ન હતી.તે નાની નાની વાત પર ગુસ્સે થઈ જતો.તેની આસપાસના બધા લોકો તેનાથી હેરાન થતા તેના પોતાના પરિવારના સભ્યો પણ હતાશાથી તેની સાથે વાત કરવાનું બંધ કરી દેતા.

પણ આ કેટલો સમય ચાલશે?તે ફરીથી તેની સાથે વાત કરવાનું શરૂ કરતો.ઘણો સમય પસાર થઈ ગયો,પણ ધનવાન માણસની આદત સ્વભાવ યથાવત રહ્યો.

આખરે,એક દિવસ,તેનો પરિવાર એક સંત પાસે ગયો અને તેમને પોતાની સમસ્યા જણાવી,કહ્યું, 'મહારાજ!અમે તેમનાથી ખૂબજ પરેશાન છીએ.કૃપા કરીને કોઈ ઉકેલ સૂચવો.'સંતે થોડીવાર વિચાર કર્યો અને કહ્યું, 'શેઠજીને મારી પાસે મોકલો.'

'ઠીક છે,મહારાજ,'ધનવાન માણસના પરિવારે કહ્યું,અને ઘરે પાછા ફર્યા, તેઓએ તેને વિવિધ ઉકેલો સાથે સંત પાસે લઈ જવાનો પ્રયાસ કર્યો.જોકે, ધનવાન માણસ સંતો ઋષિઓમાં માનતો ન હતો,તેથી તે સંત પાસે ન આવ્યો.પછી, એક દિવસ સંત પોતે તેના ઘરે ગ્લાસમાં થોડું પ્રવાહી લઈને ગયા,સંતને જોઈને શેઠ ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા પરંતુ તેમના પરિવારને કારણે, તેઓ ચૂપ રહ્યા.

સંતે શેઠને કહ્યું,'શેઠ!હું આ તમારા માટે હિમાલયથી પ્રવાહી જડીબુટ્ટી લાવ્યો છું.કૃપા કરીને અજમાવી જુઓ. 'શરૂ આતમાં, શેઠ અચકાયા,પરંતુ પછી,તેમના પરિવારના આગ્રહથી તેઓ સંમત થયા.તેમણે પ્રવાહી ધરાવતો ગ્લાસ લીધો,તેનેપોતાના હોઠ પર મૂક્યો,અને પ્રવાહીને પોતાની જીભથી ચાટ્યો,આમ કરતાં,તેમણે રડતો ચહેરોબનાવ્યો ગ્લાસને પોતાના હોઠ પરથી હટાવ્યો,અને સંતને કહ્યું, 'આ ખૂબ જ કડવું છે.આ શું છે?'

તમારી જીભ જાણે છે કે કડવાશ શું છે,' સંતે કહ્યું.'બધા આ જાણે છે,'શેઠે સંત તરફ રહસ્યમય રીતે જોયું.

'ના,એવું નથી.જો બધાને ખબર હોત,તો તેઓ એવા શબ્દો ન બોલત જે આ કડવા પદાર્થ કરતાં વધુ કડવા હોય. શેઠજી, તેમણે એક ક્ષણ માટે થોભ્યા અને પછી કહ્યું, 'શેઠજી, યાદ રાખો કે જે વ્યક્તિ કઠોર શબ્દો બોલે છે તે બીજાને નુકસાન પહોંચાડતા પહેલા પોતાની જીભને પ્રદૂષિત કરે છે.'શેઠ સમજી ગયા કે ઋષિ એ જે કંઈ કહ્યું હતું તે તેમનાતરફ જ હતું.તે તરત જ ઋષિના પગે પડ્યો,'બોલો,ઋષિ!તમે મારી આંખો ખોલી દીધી છે.હવે હું ફરી ક્યારેય કઠોર શબ્દોનો ઉપયોગ કરીશ નહીં.'

શેઠના મોઢામાંથી આવા શબ્દો સાંભળીને,તેમના પરિવારના સભ્યો આનંદથી ભરાઈ ગયા. પછી શેઠે ઋષિને પૂછ્યું, 'પણ, મહારાજ!તમે હિમાલયથીલાવેલો આ પદાર્થ ખરેખર શું છે?' ઋષિએ હસીને કહ્યું, 'લીમડાના પાનનો અર્ક.'

'શું?' શેઠે જવાબ આપ્યો,અને પછી ધીમેથી હસ્યા.

સ્વદોષ દર્શન વગર ઈશ્વર દર્શન થાય નહીં.પરદોષ દર્શન પરમાત્મા નાં દર્શનમાં કેવળ વિઘ્ન કરે છે.

વાલી જવાબ આપે છે કે, મહારાજ,હું પાપી છું એમ તમે કહો છું તો મને બતાવો કે, પાપીને તમારાં દર્શન થાય એવું કયા શાસ્ત્રમાં લખ્યું છે?ઊલટું એમ કહેવામાં આવ્યું છે કે, મુનિઓ અનેક જન્મ સુધી અનેક પ્રકારનાં સાધનો કરતાં રહે છે તો પણ અંતકાળે તેમના મુખમાંથી રામનું નામ નીકળતું નથી!એટલે કે મુનિ ઓને જેનાં દર્શન નથી થતાં તેનાં મને દર્શન થયાં અને એમના હાથે હું મરું છું,તો હું પાપી કે પુણ્ય શાળી?ખરેખર હું પુણ્યશાળી છું તેથી આપનાં દર્શન પામ્યો છું. તમારાં દર્શન થયા એટલે હું પાપી રહ્યો નથી.તમારાં દર્શન દેવોને દુર્લભ છે તેમ છતાં અંતકાળે હું તમારાં દર્શન કરું છું.ત્યારે ભગવાન વાલીને કહે છે કે,મારા દર્શન તને થયા છે તે તારા પ્રતાપે નહીં,પણ સુગ્રીવ મારા શરણે આવ્યો છે અને સુગ્રીવનો તું ભાઈ છે તેથી આ સાંભળી વાલી સુગ્રીવને પ્રણામ કરી કહે છે કે, તારે લીધે મને રામજીનાં દર્શન થયાં!તું ધન્ય છે!

ત્યારે સુગ્રીવ કહે છે કે એમ નહીં. તમારા લીધે મને રામજીનાં દર્શન થયાં છે.જો તમે કાઢી મૂક્યો ન હોત,તો મને રામજીનાં દર્શન ક્યાં થવાનાં હતાં? આમ બંને ભાઈઓ એકબીજાનો આભાર માને છે.એમનાં વેર અને વાસનાનો અંત આવે છે.વેર અને વાસના રાખીને મરે છે તેને સદ્ગતિ મળતી નથી,માટે કોઈની સાથે વેર રાખવું નહીં એ મૃત્યુ સુધારવાની ચાવી છે.પછી રામરામ બોલતાં વાલીએ પ્રાણનો ત્યાગ કર્યો.રામે સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય આપ્યું રામજીની અનાસક્તિ જુઓ! રાવણને માર્યા પછી લંકાનું રાજ્ય લીધું નથી. કંસને શ્રીકૃષ્ણે માર્યા પછી મથુરાનું રાજ્ય લીધું નથી પણ તે ઉગ્રસેનને આપ્યું છે. આમ બંને ભાઈઓ એકબીજાનો આભાર માને છે.એમનાં વેર અને વાસનાનો અંત આવે છે.વેર અને વાસના રાખીને મરે છે તેને સદ્ગતિ મળતી નથી,માટે કોઈની સાથે વેર રાખવું નહીં એ મૃત્યુ સુધારવાની ચાવી છે.પછી રામરામ બોલતાં વાલીએ પ્રાણનો ત્યાગ કર્યો.રામે સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય આપ્યું રામજીની અનાસક્તિ જુઓ! રાવણને માર્યા પછી લંકાનું રાજ્ય લીધું નથી. કંસને શ્રીકૃષ્ણે માર્યા પછી મથુરાનું રાજ્ય લીધું નથી પણ તે ઉગ્રસેનને આપ્યું છે. તુલસીદાસજી કહે છે કે,દેવતા, મનુષ્ય અને મુનિ સર્વની એક જ રીત છે.સ્વાર્થને માટે જ બધાં પ્રીતિ કરે છે,પણ રામ જેવો જગતમાં કોઈ હિતકારી નથી. વાચક ચાહક મિત્રો!કડવા શબ્દો બોલવા કરતાં આદુનિયામાં કડવું કંઈ નથી પદાર્થની કડવાશ જીભ ને થોડા સમય માટે જ કડવો બનાવે છે. પરંતુ કડવા શબ્દો મન અને આત્માને નુકસાન પહોંચાડે છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# કુલાધિપતિ - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીનો ૭૪મો દીક્ષાંત સમારોહ યોજાયો

## જીવનમાં સફળતાનો કોઈ 'શોર્ટકટ' નથી, પરિશ્રમ જ એકમાત્ર માર્ગ: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

**અમદાવાદ, તા. 05**

ગુજરાત યુનિવર્સિટીના ૭૪મા પદવીદાન સમારોહના અધ્યક્ષસ્થાનેથી કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જીવનમાં સફળતાનો કોઈ 'શોર્ટકટ' નથી, પરિશ્રમ જ એકમાત્ર રસ્તો છે. તેમણે સ્વામી વિવેકાનંદના 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'ના સૂત્રને યાદ અપાવીને કહ્યું કે, આળસ એ મનુષ્યનો સૌથી મોટો શત્રુ છે. બુદ્ધિપૂર્વક અને ખંતથી કરવામાં આવેલો પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ જતો નથી. કુલાધિપતિ-રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલા પદવીદાન સમારોહમાં ૪૦,૨૪૫ વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા ખાસ તૈયાર કરાયેલ 'કોફી ટેબલ બુક'નું વિમોચન કરવામાં આવ્યું અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર બે સ્ટાર્ટઅપ અને એક ખેલાડીને 'ગૌરવ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરતા રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પદવીદાન સમારોહ એ માત્ર પદવી મેળવવાનો દિવસ નથી, પરંતુ ગુરુ, શિષ્ય અને વાલીના ત્રિવેણી સંગમનો પવિત્ર ઉત્સવ છે. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના પાયાના મૂલ્યો 'માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને આચાર્ય દેવો ભવ'ને જીવનમાં આત્મસાત કરવા આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, જે માતા-પિતા પોતે અભાવો વેઠીને પણ સંતાનોને શ્રેષ્ઠ શિક્ષણ અપાવે છે, તેમના પ્રત્યે આદર અને સમર્પણનો ભાવ એ જ સાચી દીક્ષા છે. રાજ્યપાલશ્રીએ ગુજરાતની ભૂમિની વિશેષતા વર્ણવતા કહ્યું હતું કે, આ ધરતીએ હંમેશાં રાષ્ટ્રની ઉન્નતિમાં યોગદાન આપનાર મહાન પ્રતિભાઓ આપી છે. સ્વામી દયાનંદ સરસ્વતી, નરસિંહ મહેતા, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવી વિભૂતિઓએ આ ધરતી પરથી દેશનું નેતૃત્વ કર્યું છે. આજે એ જ પરંપરાને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગળ ધપાવી રહ્યા છે, જેમણે દેશને આશા અને પ્રગતિના નવા શિખરો પર પહોંચાડ્યો છે. યુવાનો નસીબદાર છે કે તેઓ એવા સમયમાં કાર્યક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે, જ્યાં ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ચૂક્યું છે. રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ચંદ્રયાન અને ગગનયાન જેવા મિશન ભારતની વૈજ્ઞાનિક ક્ષમતા અને મક્કમ નિર્ધારનું પરિણામ છે, જેમાંથી યુવાનોએ પ્રેરણા લેવી જોઈએ. વર્તમાન સમયની સ્વાસ્થ્ય સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરતા શ્રી આચાર્ય દેવવ્રતજીએ યુવા પેઢીને ચેતવતા કહ્યું હતું કે, રાસાયણિક ખેતી અને જંક ફૂડને કારણે ગંભીર બીમારીઓ વધી રહી છે. ૨૦-૨૦ વર્ષના યુવાનોમાં હાર્ટ એટેક અને કેન્સર જેવા રોગો જોવા મળે છે તે દેશ માટે ચિંતાનો વિષય છે. તેમણે વિદ્યાર્થીઓને શુદ્ધ આહાર અને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાઈને સ્વસ્થ ભારતનું નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે જો યુવાનો સ્વસ્થ રહેશે, તો જ તેઓ રાષ્ટ્રના ઉત્થાનમાં લાંબા ગાળા સુધી યોગદાન આપી શકશે. પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક અસરોનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે દુનિયા આબોહવા પરિવર્તનના ભયાનક તબક્કામાંથી પસાર થઈ રહી છે. આવા સમયે પદવી મેળવીને સમાજમાં જઈ રહેલા જવાબદાર યુવાનોની ફરજ છે કે તેઓ પર્યાવરણના રક્ષણ માટે સક્રિય બને. શિક્ષણ એ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નથી, પરંતુ સમાજની સમસ્યાઓના ઉકેલ લાવવાની શક્તિ છે. તેમણે વિદ્યાર્થીઓને માત્ર 'નોકરી શોધનારા' બનવાને બદલે 'નોકરી આપનારા' એટલે કે ઉદ્યોગસાહસિક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યપાલશ્રીએ તમામ સુવર્ણચંદ્રક વિજેતાઓ અને પદવીધારક વિદ્યાર્થીઓને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં પોતાનું સક્રિય યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. દીક્ષાંત સમારોહમાં ઈસરોના ચેરમેન ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી જ્ઞાનનું એવું પવિત્ર ધામ છે જેણે દેશને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા ડો. વિક્રમ સારાભાઈ જેવાં દિગ્ગજ રત્નો આપ્યાં છે. તેમણે આઝાદી પછી ભારતની વિકાસયાત્રાનો ચિતાર આપતા કહ્યું કે, જે દેશ ક્યારેક સાયકલ અને બળદગાડા પર રોકેટ-સેટેલાઈટ લઈ જતો હતો, આજે તે વિશ્વમાં અનેક ક્ષેત્રે પ્રથમ ક્રમે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ચંદ્રયાન અને માર્સ મિશન જેવી સફળતાઓ સાબિત કરે છે કે ભારતની શિક્ષણ પ્રણાલી અને પ્રતિભા વિશ્વમાં કોઈથી ઉતરતી નથી. વધુમાં, તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સફળ થવા માટે નૈતિક ચરિત્ર અને સખત મહેનતનો મંત્ર આપતા કહ્યું કે, તમારી આ પદવી પાછળ માત્ર તમારી મહેનત જ નહીં, પરંતુ તમારાં માતા-પિતા, શિક્ષકો અને સંસ્થાના નાનામાં નાના કર્મચારીનું પણ યોગદાન છે, જેમને હંમેશાં યાદ રાખવા જોઈએ. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, વર્ષ ૨૦૪૦ સુધીમાં ભારત અવકાશ વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં વિશ્વના વિકસિત દેશોની હરોળમાં હશે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં આજના યુવા સ્નાતકો મહત્વની ભૂમિકા ભજવશે. ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ પદવી મેળવનારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, શિક્ષણમાં યુનિવર્સિટીની સ્નાતક પદવી પ્રાપ્ત કરવી એ જીવનનો એક મહત્ત્વનો પડાવ છે. તેમણે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો કે, પદવી માત્ર રોજી-રોટીનું સાધન ન બની રહેતા પરિવાર અને રાષ્ટ્રના ઉત્થાન માટેનું મહત્ત્વનું કદમ બની રહેવી જોઈએ. પોતે પણ આ જ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાનું ગૌરવ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે, જે રીતે પૂર્વજોએ ભારતમાતાને ગૌરવ અપાવ્યું છે, તે પરંપરાને આગળ વધારવાની જવાબદારી હવે યુવા પેઢીની છે. આ પ્રસંગે તેમણે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા ચલાવવામાં આવતા 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનને આવતી પેઢી માટે આશીર્વાદરૂપ ગણાવી બિરદાવ્યું હતું અને વિદ્યાર્થીઓ પોતાનાં કાર્યો થકી ઈતિહાસમાં નામ નોંધાવે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. નીરજા ગુપ્તાએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે પદવી મેળવનારા સૌ વિદ્યાર્થીઓને સમાજના વિકાસમાં સતત પોતાનું યોગદાન આપીને સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. રજિસ્ટ્રાર શ્રી ડૉ. પીયૂષ પટેલે વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને એનાયત થનાર પદવી/ડિપ્લોમા પ્રમાણપત્રો તથા મેડલ અને શિષ્યવૃતિની વિગતો આપી હતી. રજિસ્ટ્રારશ્રી દ્વારા પદવી અને ડિપ્લોમાની જાહેરાત બાદ, તમામ સ્નાતકોને દીક્ષાંત આપવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે યોજાયેલા ૭૪માં વાર્ષિક પદવીદાન સમારોહ કાર્યક્રમમાં આઈ.આઈ.એમ. (IIM) અમદાવાદના ડાયરેક્ટર પ્રો. ભરત ભાસ્કર, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય મનન દાણી, વિવિધ વિદ્યાશાખાના ડીન, પ્રાચાર્યો, પ્રાધ્યાપકો સહિત વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## *રેલવે સુરક્ષા બળ (RPF) અમદાવાદ દ્વારા ઓટો ચાલકો સામે મોટી કાર્યવાહી*

**અમદાવાદ, તા. 05**

પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશન પર ઓટો ચાલકો દ્વારા મુસાફરો સાથે અભદ્ર વર્તન કરવું તથા નિર્ધારિત દરો કરતાં વધુ ભાડું વસૂલવા અંગે સતત ફરિયાદો મળી રહી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ રેલવે સુરક્ષા બલ (RPF) અમદાવાદ દ્વારા સમયાંતરે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ જ ક્રમમાં આજે તા. 04.01.2025ના રોજ રેલવે સુરક્ષા બલ, અમદાવાદ દ્વારા વિશેષ અભિયાન ચલાવી નિયમોનું ઉલ્લંઘન કરનાર ઓટો ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી. આ કાર્યવાહી દરમિયાન કુલ 6 ઓટો ચાલકોના ઓટો જપ્ત કરવામાં આવ્યા તથા સંબંધિત ઓટો ચાલકો સામે રેલવે અધિનિયમની જોગવાઈઓ હેઠળ જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી. રેલવે સુરક્ષા બલ, અમદાવાદ મુસાફરોની સુરક્ષા, સન્માન અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. ભવિષ્યમાં પણ મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા અથવા અનિયમિતતા ન થાય તે માટે આવા કેસોમાં કડક નજર રાખવામાં આવશે અને જરૂરીયાત અનુસાર કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે। ભવિષ્યમાં પણ મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા અથવા અનિયમિતતા ન થાય તે માટે આવા કેસોમાં કડક નજર રાખવામાં આવશે અને જરૂરીયાત અનુસાર કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે।

## પ્રાકૃતિક ખેતીમાં જીવામૃતનું વિશેષ મહત્વ : જે જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોને સક્રિય બનાવી જમીનની ફળદ્રુપતા વધારે છે

**નડિયાદ, તા. 05**

રાસાયણિક ખાતર અને ઝેરી દવાઓના અતિરેકથી જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય પર થતા પ્રતિકૂળ અસરોને ધ્યાનમાં રાખી, હવે દેશભરમાં કુદરત આધારિત ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે ખેડા જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી રહ્યા છે. જિલ્લામાં તાલુકા ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપીને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ તાલીમ દરમિયાન દેશી ગાય આધારિત ખેતી પદ્ધતિ, બીજામૃત, જીવામૃત અને ઘનામૃતના ઉપયોગ અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવે છે. ત્યારે જાણીએ પ્રાકૃતિક ખેતીમાં જીવામૃતનું વિશેષ મહત્વ છે. જે જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોને સક્રિય બનાવી જમીનની ફળદ્રુપતા વધારવામાં સહાયરૂપ બને છે.દેશી ગાયના ગૌમૂત્ર, ગોબર અને છાસમાંથી તૈયાર થતી વિવિધ કુદરતી દવાઓ જમીનને જીવંત રાખે છે. જીવામૃત અને ઘનામૃતના નિયમિત ઉપયોગથી પાકની વૃદ્ધિ સારી થાય છે, ઉત્પાદન ખર્ચ ઘટે છે અને જમીનની ગુણવત્તા લાંબાગાળે જળવાઈ રહે છે. આથી જ દેશી ગાય આધારિત ખેતીનો મહિમા પ્રાકૃતિક ખેતીનો આધાર મુખ્યત્વે દેશી ગાય પર છે. વર્ષો પહેલા બાપ-દાદાઓ રાસાયણિક દવાઓ વિના ખેતી કરતા હતા. માત્ર કુદરતી વસ્તુઓ અને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને કરવામાં આવતી ખેતીથી જમીન કે માનવ સ્વાસ્થ્યને કોઈ નુકસાન થતું નહોતું. આજના સમયમાં ફરી એકવાર એ જ પરંપરાગત અને વૈજ્ઞાનિક રીતે અસરકારક પદ્ધતિ તરફ ખેડૂતો વળતા જોવા મળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીમાં કોઈપણ પ્રકારના કેમિકલ વગર ઝાડના પાંદડા, બેસન અથવા દાળનો લોટ, ગોળ, લીમડાના પાંદડા, ગૌમૂત્ર, તાજી છાસ અને પાણીમાંથી તૈયાર થતું અમૃતપાણી પાકના સર્વાંગી વિકાસમાં ઉપયોગમાં લેવાય છે. પાકમાં થનારા હાનિકારક કીડા-કીટકોના નિયંત્રણ માટે પેન્ટાફાઈટર ઉપયોગી સાબિત થાય છે.

## અમદાવાદમાં સાબરમતી ઝોનથી 'ડિજિટલ ફૂડ કરન્સી' (CBDC) ના પાયલોટ પ્રોજેક્ટના પ્રૂફ ઑફ કોન્સેપ્ટનું સફળ લોન્ચિંગ

### અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મોના ખંધારે પાયલોટ પ્રોજેક્ટનું પ્રૂફ ઑફ કોન્સેપ્ટ લોન્ચ કરાવ્યું



**ગાંધીનગર, તા. 05**

ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા રાજ્યની જાહેર વિતરણ પ્રણાલી (PDS) ને વધુ આધુનિક અને ટેકનોલોજી સભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મોના ખંધારે અમદાવાદમાં સાબરમતી ઝોનના રાણીપ ખાતે આવેલી સુરેશકુમાર અંબાલાલ પટેલની સસ્તા અનાજની દુકાનથી 'ડિજિટલ ફૂડ કરન્સી' (CBDC)ના પાયલોટ પ્રોજેક્ટના પ્રૂફ ઑફ કોન્સેપ્ટનું સફળનું સફળ લોન્ચિંગ કરાવ્યું હતું. ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના સહયોગથી આ ક્રાંતિકારી પહેલ હાથ ધરવામાં આવી છે.

શું છે આ નવી વિતરણ વ્યવસ્થા?

આ નવી રેશન વિતરણ પ્રણાલીમાં લાભાર્થીના મોબાઈલ ફોનમાં રિઝર્વ બેંક દ્વારા એક ડિજિટલ વોલેટ બનાવવામાં આવે છે, જેમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા દર મહિનાની પહેલી તારીખે અનાજ માટેની ડિજિટલ કુપન્સ જમા થઈ જાય છે. લાભાર્થી જ્યારે સસ્તા અનાજની દુકાને જાય છે, ત્યારે તેણે માત્ર દુકાનદારનો QR કોડ સ્કેન કરવાનો રહે છે અને તેની કુપન રિડીમ થઈ જાય છે.

મુખ્ય વિશેષતાઓ અને ફાયદા:

સર્વર અને બાયોમેટ્રિક સમસ્યાઓથી મુક્તિ: અગાઉની ઈ-પોસ (e-POS) સિસ્ટમમાં અંગૂઠાના નિશાન (Biometric) અને સર્વર ડાઉન હોવાને કારણે જે વિલંબ થતો હતો, તે હવે નહીં થાય. ઝડપી વિતરણ: લાંબી પ્રોસેસને બદલે માત્ર સ્કેન કરવાથી જ વિતરણ શક્ય બનતા સમયની મોટી બચત થાય છે. સંપૂર્ણ પારદર્શિતા: લાભાર્થી પોતાની મોબાઈલ સ્ક્રીન પર અગાઉથી જ પોતાને મહિનામાં કુલ કેટલી વસ્તુઓનો લાભ મળવાનો છે તે જોઈ શકશે. વધુમાં, દુકાનદાર પાસેથી કૂપન રિડીમ થયા પછી પોતે લીધેલી વસ્તુઓની રિસીપ્ટ પણ લાભાર્થીના મોબાઈલમાં રિયલ ટાઈમમાં ઉપલબ્ધ થશે. આથી, લાભાર્થી જાણી શકશે કે તેના માટે સરકાર કેટલો ખર્ચ કરી રહી છે. સર્વર અને બાયોમેટ્રિક સમસ્યાઓથી મુક્તિ: અગાઉની ઈ-પોસ (e-POS) સિસ્ટમમાં અંગૂઠાના નિશાન (Biometric) અને સર્વર ડાઉન હોવાને કારણે જે વિલંબ થતો હતો, તે હવે નહીં થાય. ઝડપી વિતરણ: લાંબી પ્રોસેસને બદલે માત્ર સ્કેન કરવાથી જ વિતરણ શક્ય બનતા સમયની મોટી બચત થાય છે. સંપૂર્ણ પારદર્શિતા: લાભાર્થી પોતાની મોબાઈલ સ્ક્રીન પર અગાઉથી જ પોતાને મહિનામાં કુલ કેટલી વસ્તુઓનો લાભ મળવાનો છે તે જોઈ શકશે. વધુમાં, દુકાનદાર પાસેથી કૂપન રિડીમ થયા પછી પોતે લીધેલી વસ્તુઓની રિસીપ્ટ પણ લાભાર્થીના મોબાઈલમાં રિયલ ટાઈમમાં ઉપલબ્ધ થશે. આથી, લાભાર્થી જાણી શકશે કે તેના માટે સરકાર કેટલો ખર્ચ કરી રહી છે. રિયલ ટાઈમ ડેટા: દુકાનદારને પણ જથ્થાની વિગતો તરત જ રિયલ ટાઈમમાં અપડેટ મળી જાય છે.

આ પ્રસંગે વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મોના ખંધારે જણાવ્યું હતું કે, 'ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત ડિજિટલ ફૂડ કરન્સીનું પાયલોટ આજે રોલ આઉટ કરવા માટે પ્રૂફ ઑફ કોન્સેપ્ટ કરવામાં આવ્યું છે, જેમાં લગભગ 25 લાભાર્થીઓનું રિયલ ટાઈમ બેઝીસ ઉપર ટેસ્ટિંગ કરાયું છે. તેમણે આ પ્રોસેસ વિશે વિગતવાર સમજાવતા જણાવ્યું હતું કે, 'આ સિસ્ટમમાં લાભાર્થીને ડિજિટલ કુપન આપવામાં આવે છે, જે સસ્તા અનાજની દુકાને QR કોડથી રિડીમ કરી શકાય છે. દરેક વસ્તુ માટે અલગ કુપન હોવા છતાં એક જ વખતમાં બધી કુપન રિડીમ થઈ શકે છે, જેથી વિતરણ પ્રણાલી અત્યંત ઝડપી અને સરળ બની છે. આ ટેકનોલોજી પારદર્શિતા લાવવા સાથે છેવાડાના માનવી સુધી સુવિધા પહોંચાડવાનું સબળ માધ્યમ બનશે અને ભવિષ્યમાં અમે લાભાર્થીઓને આમાં વધુ વસ્તુઓ અને ઓપ્શન્સ પણ આપી શકીશું.'

વિતરણ પ્રક્રિયામાં સરળતા અને પારદર્શિતાનો સંગમ:

આ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન લાભાર્થીઓ અને દુકાનદારો તરફથી અત્યંત સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. અગાઉની ઈ-પોસ (e-POS) મશીન આધારિત સિસ્ટમમાં સર્વર ડાઉન થવા અથવા બાયોમેટ્રિક (અંગૂઠાના નિશાન) ન આવવાને કારણે જે હાલાકી ભોગવવી પડતી હતી, તેની સામે આ નવી મોબાઈલ-ક્યુઆર કોડ આધારિત સિસ્ટમ ખૂબ જ સરળ અને સમય બચાવનારી હોવાનું ગ્રાહકો અને સંચાલકોએ જણાવ્યું હતું. પંજાબ નેશનલ બેંક (PNB)ના ટેકનિકલ સહયોગથી શરૂ થયેલી આ સિસ્ટમમાં લાભાર્થીને બધી વિગતો મોબાઈલ સ્ક્રીન પર જ દેખાતી હોવાથી પારદર્શિતામાં પણ વધારો થયો છે. સાબરમતી ઝોન ખાતેથી 'ડિજિટલ ફૂડ કરન્સી'(CBDC)ના પાયલોટ પ્રોજેક્ટના પ્રૂફ ઑફ કોન્સેપ્ટના લોન્ચિંગ પ્રસંગે અમદાવાદના ફૂડ કન્ટ્રોલર શ્રી વિમલ પટેલ, સંયુક્ત નિયામક શ્રી ચેતન ગાંધી, સહિત અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## 'આત્મનિર્ભર ભારત' તરફ ગુજરાતના કદમ : રાજ્યમાં કઠોળનું ઉત્પાદન માત્ર ૬ વર્ષમાં બમણું થયું

**નડિયાદ, તા. 05**

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે કઠોળના પાકોએ છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત મિશન હેઠળ ગુજરાત હવે દેશમાં કઠોળ ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય તરીકે ઊભરી આવ્યું છે. ખાસ કરીને ચણા અને તુવેરના ઉત્પાદનમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. છેલ્લા ૬ વર્ષ દરમિયાન રાજ્યમાં કઠોળ પાકની ઉત્પાદકતામાં સવા ગણો, વાવેતર વિસ્તારમાં દોઢ ગણો અને ઉત્પાદનમાં બમણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં કઠોળ પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૯ લાખ હેક્ટર, ઉત્પાદન ૧૦.૫૮ લાખ મેટ્રિક ટન અને ઉત્પાદકતા ૧,૧૭૩ કિગ્રા પ્રતિ હેક્ટર હતી. જ્યારે, વર્ષ ૨૦૨૪-૨૫માં કઠોળ પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૧૪.૩૯ લાખ હેક્ટર, ઉત્પાદન ૨૧.૫૨ લાખ મેટ્રિક ટન અને ઉત્પાદકતા ૧,૪૯૫ કિગ્રા પ્રતિ હેક્ટર નોંધાઈ છે. ગુજરાતમાં ચણા એ સૌથી મહત્વનો કઠોળ પાક છે, જે રાજ્યના કુલ કઠોળ ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં ચણાનું કુલ ઉત્પાદન ૬.૩૬ લાખ મેટ્રિક ટન હતું, જેની સામે અઢી ગણા વધારા સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫.૬૩ લાખ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. તેવી જ રીતે, તુવેરના ઉત્પાદનમાં પણ ગુજરાત દેશના મોખરાના રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં તુવેરનું કુલ ઉત્પાદન ૨.૧૦ લાખ મેટ્રિક ટન હતું, જેની સામે ૪૫ ટકાની વૃદ્ધિ સાથે વર્ષ ૨૦૨૪-૨૫માં ૩.૦૮ લાખ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. આ ઉપરાંત અડદ, મગ અને મઠ જેવા અન્ય કઠોળ પાકોનું પણ હવે ગુજરાતમાં પુષ્કળ વાવેતર થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં અડદનું ૧.૧૪ લાખ હેક્ટરમાં વાવેતર અને આશરે ૯૦,૦૦૦ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું હતું. તેવી જ રીતે, મગનું ૧.૩૮ લાખ હેક્ટરમાં વાવેતર અને આશરે ૧.૨૬ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું હતું. મઠ એ મુખ્યત્વે સૂકા અને અર્ધ-સૂકા વિસ્તારોનો પાક છે. કચ્છ અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં મઠનું વાવેતર વધુ જોવા મળે છે. આ ઉપરાંત ચોળા, વાલ અને વટાણા પણ ગૌણ કઠોળ તરીકે લેવામાં આવે છે. મઠ સહિતના અન્ય કઠોળ પાકોનું વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૨,૦૦૦ હેક્ટરમાં વાવેતર અને ૬૪,૦૦૦ મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન નોંધાયું હતું. ગુજરાતમાં કઠોળના પાકમાં થયેલી આ ક્રાંતિ પાછળ રાજ્ય સરકારની અનેક મહત્વપૂર્ણ પહેલો જવાબદાર છે. સૌની યોજના અને સુજલામ સુફલામ જેવી યોજનાઓ દ્વારા રવિ અને ઉનાળુ પાક માટે પાણીની ઉપલબ્ધતા વધી છે. વળી, સરકાર દ્વારા કઠોળના ટેકાના ભાવમાં ૧૧ થી ૩૧ ટકા જેટલો વધારો કરવામાં આવતા ખેડૂતો કઠોળની ખેતી તરફ વળ્યા છે. આ ઉપરાંત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિકસાવવામાં આવેલી ગુજરાત ચણા અને 'ગુજરાત મગ-૪ જેવી સુધારેલી જાતોથી હેક્ટર દીઠ ઉત્પાદન પણ વધ્યું છે. સાથે જ, રાજ્યમાંથી કઠોળની નિકાસ બમણી થતા વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

## ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા આરોપીને હાજર થવા આદેશ કરતું જાહેરનામુ

**ગાંધીનગર, તા. 31**

ક્રીમીનલ પ્રોસીજર કોડ (CRP.C1973)ની કલમ- ૮૨ હેઠળ બાળ કિશોર સત્યેન્દ્ર ઉર્ફે પીન્ટુ શ્રીરામનરેશ આંગનુરામ જેની ઉંમર ૧૭ વર્ષ છે. મ.ન.૫૧ વિશાલનગર મારૂતીનગર પાસે રીંગ રોડ ઓઢવ અમદાવાદમાં તેનું રહેઠાણ છે. શહેર દ્વારા ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.રનં ૭૮/૨૦૧૭ ધી.ઇ.પી.કો.કલમ ૩૭૬(૨)(આઇ)(જે) અનુસાર સજાપાત્ર ગુનો કરેલ છે, (અથવા એવો ગુનો કરેલ હોય તેવો શક છે) અને તેના ઉપર કાઢવામા આવેલ ગિરફતારીનું વોરંટ એવા શેરા સહિત પાછુ આવેલ છે કે ઉપર જણાવેલ બાળ કિશોર મળી આવતો નથી અને નામદાર કોર્ટે ખાતરી કરાવતા બાલ કિશોર સત્યેન્દ્ર ઉર્ફે પીન્ટુ શ્રીરામનરેશ આંગનુરામ જાતે-પાસવાન(પાસી) ભાગી ગયેલ છે (અથવા વોરંટની બજવણી ના થાય માટે પોતાની જાતને છુપાવી દીધેલ છે), આથી ધી.ઈ.પી.કો. કલમ ૩૭૬(૨)(આઈ)(જે) હેઠળ આ અદાલતમા દાખલ વર્ષ-૨૦૧૮ ના સ્પે. પોક્સો કેસ ન બાલ કિશોર સત્યેન્દ્ર ઉર્ફે પીન્ટુ શ્રીરામનરેશ આંગનુરામ જાતે-પાસવાન(પાસી) ભાગી ગયેલ છે (અથવા વોરંટની બજવણી ના થાય માટે પોતાની જાતને છુપાવી દીધેલ છે), આથી ધી.ઈ.પી.કો. કલમ ૩૭૬(૨)(આઈ)(જે) હેઠળ આ અદાલતમા દાખલ વર્ષ-૨૦૧૮ ના સ્પે. પોક્સો કેસ ન ૫/૨૦૧૮ મુજબના (ઉપર જણાવેલ) કથિત બાળ કિશોરને તેની વિરુદ્ધ કથીત કેસમા પોતાનો બચાવ કરવા અથવા જવાબ રજુ કરવા માટે આ અદાલત સમક્ષ હવે પછીની તારીખ : ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર થવા માટે જાહેરનામુ કાઢીને ફરમાન કરવામા આવ્યું હતું.

# જો રૂટે સિડની ટેસ્ટમાં 41મી સદી ફટકારી:ટેસ્ટ ક્રિકેટમાંમાં સૌથી વધુ સેન્ચુરી ફટકારનારો ત્રીજો બેટ્સમેન બન્યો, ટોપ પર સચિન તેંડુલકર

## ઓસ્ટ્રેલિયામાં એક પણ શતક નહોતું. ગાબાના મેદાન પર શ્રેણીની બીજી મેચની પ્રથમ ઈનિંગ્સમાં તેમણે 138 રન બનાવ્યા હતા

**મુંબઈ, તા. 05**

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે એશિઝ 2025-26ની પાંચમી અને છેલ્લી ટેસ્ટ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાઈ રહી છે. આજે સોમવારે મેચનો બીજો દિવસ છે. ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટે આ મેચમાં ટેસ્ટ કારકિર્દીની 41મી સદી ફટકારી. તેમણે 242 બોલમાં 160 રન બનાવ્યા. સિડની ટેસ્ટના પહેલા દિવસે વરસાદ અને ખરાબ રોશનીના કારણે માત્ર 45 ઓવરની રમત થઈ શકી હતી. પહેલા દિવસે રૂટ 72 રન બનાવીને અણનમ પાછો ફર્યો હતો. બીજા દિવસે તેણે 146 બોલમાં પોતાની સદી પૂરી કરી. આ આ એશિઝ શ્રેણીમાં રૂટની બીજી સદી છે.

જો રૂટની 41મી સદી

આ સદી સાથે જ રૂટ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગની બરાબરી પર પહોંચી ગયા. બંનેના નામે હવે 41-41 ટેસ્ટ સદી છે. રૂટે આ સિદ્ધિ પોતાની 163મી ટેસ્ટમાં હાંસલ કરી, જ્યારે પોન્ટિંગે 168 ટેસ્ટ મેચ રમી હતી. આ યાદીમાં હવે રૂટથી આગળ માત્ર બે બેટ્સમેન સચિન તેંડુલકર (51 સદી) અને જેક કાલિસ (45 સદી) છે. બીજા દિવસે ઈંગ્લેન્ડે 211/3 ના સ્કોરથી આગળ રમવાનું શરૂ કર્યું. ટીમ પ્રથમ ઈનિંગ્સમાં 384



રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. આ સદી સાથે જ રૂટ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગની બરાબરી પર પહોંચી ગયા. બંનેના નામે હવે 41-41 ટેસ્ટ સદી છે. રૂટે આ સિદ્ધિ પોતાની 163મી ટેસ્ટમાં હાંસલ કરી, જ્યારે પોન્ટિંગે 168 ટેસ્ટ મેચ રમી હતી. આ યાદીમાં હવે રૂટથી આગળ માત્ર બે બેટ્સમેન સચિન તેંડુલકર (51 સદી) અને જેક કાલિસ (45 સદી) છે. બીજા દિવસે ઈંગ્લેન્ડે 211/3 ના સ્કોરથી આગળ રમવાનું શરૂ કર્યું. ટીમ પ્રથમ ઈનિંગ્સમાં 384 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ.

રૂટી 2021 પછી સૌથી વધુ 24 સદી

વર્ષ 2021 પછી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં રૂટ સૌથી આગળ છે. રૂટે આ સમયગાળા દરમિયાન અત્યાર સુધીમાં 24 ટેસ્ટ સદી ફટકારી છે. તેમના પછી આ યાદીમાં સ્ટીવ સ્મિથ, કેન વિલિયમસન, હેરી બ્રુક અને શુભમન ગિલ સંયુક્ત રીતે બીજા સ્થાને છે. આ તમામ બેટ્સમેનોએ 2021 પછી ટેસ્ટ ક્રિકેટમાં 10-10 સદી ફટકારી છે.

ઓસ્ટ્રેલિયામાં રૂટની બીજી સદી

રૂટનું આ એશિઝ શ્રેણી પહેલાં ઓસ્ટ્રેલિયામાં એક પણ શતક નહોતું. ગાબાના મેદાન પર શ્રેણીની બીજી મેચની પ્રથમ ઈનિંગ્સમાં તેમણે 138 રન બનાવ્યા હતા. જોકે ઈંગ્લેન્ડ તે મેચ હારી ગયું હતું. આ ઉપરાંત પ્રથમ 4 ટેસ્ટની અન્ય 7 ઈનિંગ્સમાં તે નિષ્ફળ રહ્યા. હવે પ્રવાસની 9મી ઈનિંગ્સમાં રૂટે ફરીથી શતક ફટકાર્યું. 2021 થી રૂટે ટેસ્ટમાં 24 શતક ફટકાર્યા છે. સિડની ટેસ્ટના પહેલા દિવસે માત્ર 45 ઓવરની રમત, પહેલા દિવસે વરસાદ અને ખરાબ પ્રકાશના કારણે માત્ર 45 ઓવરની રમત થઈ શકી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટીમે પહેલા દિવસે સ્ટમ્પ્સ સુધી 3 વિકેટના નુકસાન પર 211 રન બનાવી લીધા છે. જો રૂટ (72) અને હેરી બ્રુક (78) અણનમ પાછા ફર્યા. બંને વચ્ચે અણનમ 154 રનની ભાગીદારી થઈ ચૂકી છે.

## રોહિત શર્મા સાથે સેલ્ફી લેવા બાળકે હદ વટાવી!:જબરદસ્તી કારની બહાર હાથ ખેંચ્યો, હિટમેને ગુસ્સામાં આંગળી ચીંધીને ઠપકો આપ્યો

**મુંબઈ, તા. 05**

પૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ચાલતી કાર પાસે બે બાળકો આવીને તેમને મળવાનો પ્રયાસ કરે છે. રોહિત પહેલા હસતા હસતા હાથ હલાવીને તેમનું અભિવાદન કરે છે, ત્યારે એક બાળક તેમનો હાથ પકડી લે છે. ત્યારબાદ બંને બાળકો સેલ્ફી લેવા માટે તેમનો હાથ ખેંચવા લાગે છે. તેના પર રોહિતે બાળકોને સમજાવ્યા અને પછી કારની બારી બંધ કરીને આગળ વધી ગયા. રોહિત ટી-20 અને ટેસ્ટ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે. તેઓ 11 જાન્યુઆરીથી વડોદરામાં ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં રમતા જોવા મળશે. ઘરેલું ક્રિકેટમાં રોહિત શાનદાર ફોર્મમાં છે. વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ તરફથી રમતા તેણે સિક્કિમ સામે 155 રનની ઈનિંગ રમી. જોકે, ઉત્તરાખંડ સામે તે ખાતું પણ ખોલી શક્યો ન હતો. રોહિત શર્માએ વિજય હઝારે ટ્રોફી 2025-26 સીઝનમાં 2 મેચ રમ્યા. વર્ષ 2025માં ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા વર્ષ 2025 રોહિત માટે ખાસ રહ્યું. તેમણે ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા. તેઓ પ્રથમ વખત ICC વનડે બેટર્સ રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન બન્યા, 20 હજાર આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા અને ભારતને ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડી. વનડે ક્રિકેટમાં છગ્ગા ફટકારવાના મામલે પણ રોહિત સૌથી આગળ છે. નવેમ્બરમાં સાઉથ આફ્રિકા સામે રાંચી વનડેમાં તેમણે પાકિસ્તાનના શાહિદ આફ્રિદીનો રેકોર્ડ તોડ્યો. રોહિત હવે 279 વનડેમાં 355 છગ્ગા ફટકારી ચૂક્યા છે.

## બાંગ્લાદેશે ભારત પર ખાર કાઢ્યો:મુસ્તફિઝુરને કાઢી મૂકતા દેશમાં IPLના પ્રસારણ પર પ્રતિબંધ મુક્યો



**મુંબઈ, તા. 05**

બાંગ્લાદેશ સરકારે દેશમાં IPLના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યાંના સૂચના અને પ્રસારણ મંત્રાલયે સોમવારે આ સંબંધમાં નિર્દેશો જારી કર્યા. તેમાં લખવામાં આવ્યું હતું કે BCCIએ 26 માર્ચથી શરૂ થઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં બાંગ્લાદેશના ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમમાંથી બહાર કરવાનો નિર્ણય લીધો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આ નિર્ણય પાછળ કોઈ નક્કર કે તાર્કિક કારણ નહોતું. આ નિર્ણય બાંગ્લાદેશની જનતા માટે અપમાનજનક, દુર્ભાગ્યપૂર્ણ અને નિંદનીય છે. આવી સ્થિતિમાં, આગામી નિર્દેશો સુધી IPLની તમામ મેચોના પ્રચાર, પ્રસારણ અને પુનઃપ્રસારણને બંધ રાખવાના નિર્દેશો આપવામાં આવે છે. એક દિવસ પહેલા રવિવાર, 4 જાન્યુઆરીના રોજ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ટી-20 વર્લ્ડ કપ રમવા માટે પોતાની ટીમ મોકલવાનો ઈનકાર કર્યો હતો. એટલું જ નહીં, BCBએ ICCને પોતાની મેચ શ્રીલંકામાં કરાવવા વિનંતી કરી હતી. BCBએ આ મીડિયા રિલીઝમાં જાણકારી આપી. BCCIએ રહેમાનને IPLમાંથી બહાર કર્યો હતો 3 જાન્યુઆરીએ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ મુસ્તફિઝુરને ટીમમાંથી બહાર કરી દીધો. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર થઈ રહેલી હિંસા વચ્ચે તેમને ટીમમાંથી હટાવવાની માગ ઉઠી રહી હતી. આ પછી BCCIએ શાહરૂખ ખાનની IPL ટીમ KKRને મુસ્તફિઝુર રહેમાનને હટાવવાનો આદેશ આપ્યો હતો, જેના પછી આ નિર્ણય લેવામાં આવ્યો. બાંગ્લાદેશમાં છેલ્લા 16 દિવસમાં 4 હિંદુઓની હત્યા કરવામાં આવી છે. પાકિસ્તાન પણ ભારતમાં નહીં રમશે ટી-20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન પહેલાથી જ પોતાની મેચ શ્રીલંકામાં શિફ્ટ કરાવી ચૂક્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજકીય વિવાદોને કારણે બંને ટીમો એકબીજાના દેશમાં ક્રિકેટ રમતી નથી. ભારતે ગયા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફીની મેચો પાકિસ્તાનમાં રમી ન હતી. હવે પાકિસ્તાન પણ ભારતમાં ટી-20 વર્લ્ડ કપની મેચો નહીં રમે.

## રણવીરની પ્રલયમાં સાઉથની હિરોઈન કલ્યાણીની એન્ટ્રી

**મુંબઈ તા. 05**

મુંબઈ: રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં તેની હિરોઈન તરીકે સાઉથની કલ્યાણી પ્રિયદર્શનની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. દુલકીર સલમાનની 'લોકાહઃ ચેપ્ટર વન' ફિલ્મથી જાણીતી બનેલી કલ્યાણીની આ પહેલી બોલિવુડ મૂવી હશે. હંસલ મહેતાના પુત્ર રાજ મહેતા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. ભારે ભરખમ વીએફએક્સ ધરાવતી આ ફિલ્મનું બજેટ બહુ મોટું હોવાનુ કહેવાય છે. અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો પ્રસરી હતી. જોકે, 'લોકાહઃ ચેપ્ટર વન' મલયાલમ ફિલ્મની તાજેતરના સમયની સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ બન્યા બાદ નિર્માતાઓનું કલ્યાણી તરફ ધ્યાન ગયું હતું. કલ્યાણીએ પણ સમગ્ર ભારતમાં ફેન બેઝ વિસ્તારવા માટે આ ફિલ્મ પસંદ કરી હોવાનું કહેવાય છે. અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો પ્રસરી હતી. જોકે, 'લોકાહઃ ચેપ્ટર વન' મલયાલમ ફિલ્મની તાજેતરના સમયની સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ બન્યા બાદ નિર્માતાઓનું કલ્યાણી તરફ ધ્યાન ગયું હતું. કલ્યાણીએ પણ સમગ્ર ભારતમાં ફેન બેઝ વિસ્તારવા માટે આ ફિલ્મ પસંદ કરી હોવાનું કહેવાય છે.



■ અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટનું નામ ચર્ચાયું હતું

## સુધા ચન્દ્રનને ધાર્મિક પ્રસંગે માતાજી આવ્યાં, વિડીયો વાયરલ



**મુંબઈ, તા. 05**

મુંબઈ: પીઢ અભિનેત્રી સુધા ચન્દ્રનનો એક વિડીયો વાયરલ થયો છે. આ વિડીયોમાં તેને એક ધાર્મિક પ્રસંગ દરમિયાન માતાજી આવ્યાં હોય તેમ તે અતિશય ભાવાવેશમાં આવી ગઈ હોવાનું જણાય છે. એકદમ બેકાબુ બની ગયેલી સુધા ચન્દ્રનને કેટલાક લોકોએ સંભાળવાની કોશીશ કરી હતી. આ દરમિયાન તેણે એક વ્યક્તિને હાથ પર બચકું ભરવાનો પણ પ્રયાસ કર્યો હોવાનું જણાય છે. ધાર્મિક પ્રસંગ દરમિયાન તે વધારે પડતી ભાવુક થઈ ગઈ હતી અને સુધબુધ ગુમાવી બેઠી હતી તેમ કેટલાક ભક્તોએ જણાવ્યું હતું. કદાચ તેને પોતાને પણ તેની આ સ્થિતિનો ખ્યાલ ન હતો રહ્યો. આ વિડીયો પર અનેક લોકો રિએક્ટ કરી રહ્યા છે. કેટલાય લોકોએ સુધા અતિશય ધાર્મિક અને સંવેદનશીલ વ્યક્તિ હોવાનું જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે સુધા ચન્દ્રન ભારતીય સિને અને અભિનયજગતનું એક આદરણીય નામ ગણાય છે. એક પગ ગુમાવ્યા પછી પણ તેણે પોતાની નૃત્ય સાધના ચાલુ રાખી હતી અને બાદમાં સંખ્યાબંધ ટીવી સિરિયલોમાં દમદાર અભિનય કરી મોખરાનું સ્થાન મેળવ્યું છે.



## માહી વિજ અને જય ભાનુશાલીના 14 વર્ષના લગ્નજીવનનો અંત, દીકરી કોની પાસે રહેશે?

**મુંબઈ તા. 05**

ટીવી ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત અને લોકપ્રિય કપલ માહી વિજ અને જય ભાનુશાલીએ આખરે તેમના છૂટાછેડાની પુષ્ટિ કરી દીધી છે. બંનેએ પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે, જેનાથી તેમના 14 વર્ષ જૂના લગ્નજીવનનો અંત આવ્યો છે. આ સમાચાર સામે આવતા જ તેમના ચાહકો ભાવુક થઈ ગયા છે, કારણ કે માહી અને જયને લાંબા સમયથી એક મજબૂત અને ખુશહાલ જોડી માનવામાં આવતી હતી. છેલ્લા ઘણા સમયથી બંનેના અલગ થવાના અહેવાલો આવી રહ્યા હતા, જેના પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. માહી વિજ અને જય ભાનુશાલીએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે આ નિર્ણય તેમણે ખૂબ જ વિચારીને અને શાંતિથી લીધો છે. બંનેએ સ્પષ્ટ કર્યું કે તેમના સંબંધમાં કોઈ પણ પ્રકારનો દોષ કે કોઈ 'વિલન' નથી. આ અલગ થવાનો નિર્ણય કોઈ નકારાત્મકતાને કારણે નહીં, પરંતુ માનસિક શાંતિ, પરસ્પર સન્માન અને સારા ભવિષ્ય માટે લેવામાં આવ્યો છે. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં કપલે લખ્યું, 'આજે અમે એક એવા વળાંક પર પહોંચ્યા છીએ જે જીવનને અમારા માટે પસંદ કર્યો છે... શાંતિ માટે, અમારા બાળકો માટે, ખુશી માટે અને સૌથી જરૂરી એકબીજા માટે, અમે અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે સૌથી પહેલા સારા મિત્રો રહીશું... જોકે હવે અમારો રસ્તો અલગ છે, પરંતુ આ નિર્ણયમાં કોઈ ખલનાયક નથી. આ વાર્તા કોઈ નકારાત્મકતા કે કોઈ ખોટા વિશે નથી. કૃપા કરીને સમજો કે અમે આ પગલું શાંતિ અને અમારા માનસિક સ્વાસ્થ્ય માટે ઉઠાવી રહ્યા છીએ... અમે તમને પણ વિનંતી કરીએ છીએ કે અમારા આ નિર્ણયનું સન્માન કરો.' જય અને માહીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ તેમની 6 વર્ષની દીકરી તારાની સંભાળ અત્યાર સુધીની જેમ જ સાથે મળીને કરતા રહેશે. આ ઉપરાંત, તેઓ તેમના દત્તક લીધેલા બાળકોની પણ સાથે મળીને દેખભાળ કરશે. માહી વિજ અને જય ભાનુશાલીના લગ્ન વર્ષ 2011માં થયા હતા અને તેઓ ટીવીના સૌથી લોકપ્રિય યુગલોમાંના એક ગણાતા હતા.

# સોનું ₹939 વધીને ₹1.36 લાખ પ્રતિ 10 ગ્રામ થયું: ચાંદી ₹2,225 મોંઘી થઈને ₹2.37 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે

નવી દિલ્હી, તા.05

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 5 જાન્યુઆરીએ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 939 રૂપિયા વધીને 1,35,721 રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા તે 1,34,782 રૂપિયા પર હતો.

જ્યારે, એક કિલો ચાંદીની કિંમત 2,225 રૂપિયા વધીને 2,36,775 રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલા તેની કિંમત 2,34,550 રૂપિયા પ્રતિ કિલો હતી. આ પહેલા 29 ડિસેમ્બર 2025ના રોજ સોનું 1,38,161 રૂપિયા અને ચાંદી 2,43,483 રૂપિયાના ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી.



IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ હોતો નથી. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

ઔદ્યોગિક માંગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

મેન્યુફેક્ચરર સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માંગમાં હાલમાં તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવા સંજોગોમાં, ચાંદી આ વર્ષે 2.75 લાખ સુધી જઈ શકે છે. જ્યારે સોનાની વાત કરીએ તો તેની માંગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવા સંજોગોમાં, આ વર્ષના અંત સુધીમાં તે 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર કરી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# સેન્સેક્સ 322 પોઈન્ટ ઘટીને 85,439 પર બંધ: નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટીને બંધ થયો, IT સેક્ટરના શેરોમાં સૌથી વધુ ઘટાડો

મુંબઈ, તા.05

5 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ 322 પોઈન્ટ ઘટીને 85,439 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટીને 26,250 પર બંધ થયો હતો.

જોકે, આજે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીએ 26,373ની સપાટીએ પહોંચીને એક નવો રેકોર્ડ હાઈ બનાવ્યો હતો. આજે સૌથી વધુ ઘટાડામાં આઈટી અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેર હતા.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 2.81% ઉપર 4,430 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 2.82% ઉપર 51,759 પર કારોબાર કરી રહ્યા છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.07% ઉપર 26,357 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.02% વધીને 4,009 પર કારોબાર કરી રહ્યા છે.

2 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.66% વધીને 48,382 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.02%નો ઘટાડો અને S&P 500માં 0.19%ની તેજી રહી હતી.




2 જાન્યુઆરીના રોજ FIIs એ 544 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે DIIs એ 534 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,349.62 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIsએ 79,619.91 કરોડના શેર ખરીદ્યા.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIsએ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

ગયા અઠવાડિયે બજારમાં તેજી જોવા મળી હતી શેરબજારમાં 2 જાન્યુઆરીએ તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 573 પોઈન્ટ વધીને 85,762ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટીએ આજે કાર્યકાળ દરમિયાન નવી રેકોર્ડ હાઈ બનાવી, તેણે 26,340 ના સ્તરને સ્પર્શ કર્યો હતો. આ પછી નિફ્ટી 182 પોઈન્ટ વધીને 26,328 ના સ્તરે બંધ થયો હતો. આ નિફ્ટીનો નવો ક્લોઝિંગ હાઈ પણ છે.

# જાન્યુઆરી મહિનામાં વીગન બનવાનો અખતરો કરવા જેવો છે

જાન્યુઆરી મહિનાના પ્રારંભમાં જ એક સાદો સવાલ પૂછવો છે: તમે વીગન્યુઆરી શબ્દ સાંભળ્યો છે? અગ્રેજી સ્પેલિંગ છે, ફીયચહેચિઅ. આ શબ્દની સંધિ છૂટી પાડશો તો બે સ્વતંત્ર શબ્દો મળશે. વીગન વત્તા જાન્યુઆરી. બહુ ઈન્ટરેસ્ટિંગ અને આવકાર્ય ટ્રેન્ડ છે આ. આ ટ્રેન્ડમાં ભાગ લેનાર વ્યક્તિએ જાન્યુઆરી મહિનામાં સંપૂર્ણપણે વીગન બની જવાનું હોય છે.

વીગન હોવું એટલે અતિશાકાહારી હોવું. વીગન તરીકે તમારે દૂધ અને એનાથી બનતી તમામ બનાવટો જેવી કે દહીં, છાશ, માખણ, પનીર, ઘી, આઈસક્રીમ, શ્રીખંડ-દૂધપાક-રબડી-ગુલાબજાંબુ જેવી મીઠાઈઓ વગેરેને પણ ગુડબાય કહી દેવાનું છે. દૂધ બંધ એટલે ચા-કોફી પણ બંધ. વાત માત્ર ખાણીપીણી પર અટકતી નથી. વીગન તરીકે તમારે સિલ્ક, ઊન અને ફરમાંથી બનતા કપડાંનેય તિલાંજલી આપવાની છે. જેમાં એનિમલ પ્રોડક્ટ્સનો ઉપયોગ થયો હોય તેવા સાબુ, કોસ્મેટિકસ, લેધર, મધ અને દવાઓથી પણ દૂર રહેવાનું છે. ટૂંકમાં, પશુ-પક્ષીને કષ્ટ પડયું હોય તે તમામ ચીજવસ્તુ અને ક્રિયાનો ત્યાગ કરવાનો છે. કદાચ હંમેશ માટે વીગન થવાનો



વિચાર સુધ્ધાં આકરો લાગે, એટલે નમૂના પૂરતો વર્ષનો પહેલો મહિનો વીગન બનવાનો આ ટ્રેન્ડ છે.

આ ટ્રેન્ડ કંઈ આજકાલનો નથી. એની શરૂઆત તો છેક ૨૦૧૪માં થઈ હતી, ઈંગ્લેન્ડમાં. પહેલા વર્ષે ફક્ત ૩૩૦૦ લોકોએ ભાગ લીધો હતો. બીજા વર્ષે આ આંકડો ચાર ગણો થઈ ગયો. ક્રમશ: જાન્યુઆરીમાં વીગન લાઈફસ્ટાઈલ અપનાવનારાઓની સંખ્યા વધતી ગઈ - ૨૦૧૬માં ૨૩ હજાર, ૨૦૧૭માં ૫૦ હજાર, ૨૦૧૮માં ૧ લાખ ૬૮ હજાર.

૨૦૧૯ના અંતમાં કોરોના નામનો દૈત્ય માનવજાતને આભડી ગયો. ૨૦૨૦થી ૨૦૨૨- આ ત્રણ વર્ષના કોરાનાયુગે આપણને વિચારતા કરી મૂક્યા હતા. કોરોનાએ આપણી લાઈફસ્ટાઈલને 'રિસેટ' કરવાનો અભૂતપૂર્વ મોકો આપ્યો હતો. કોરોનાનો આતંક માણસજાતે બેફામ જીવહિંસા કરીને જે પાપનાં પોટલાં બાંધ્યાં છે એનું પરિણામ છે એવું તમે માનો કે ન માનો, કોરોના વાઈરસ નોનવેજ ફૂડથી ફેલાય છે કે કેમ તે વિશે તમે દલીલો કરો કે ન કરો, પણ સાવ આંખ સામે દેખાતી સચ્ચાઈ તો આ જ રહેવાની છે: માણસજાતને હવે માંસાહારની લક્ઝરી પોસાવાની નથી! ધરતી પર પાણીના સ્રોત સતત સૂકાઈ રહ્યા છે, પર્યાવરણની જાળવણીના પ્રશ્નો ભીષણ વાસ્તવ બનીને આંખ સામે છાતી કાઢીને ઊભા છે. આવી સ્થિતિમાં આવનારી પેઢીઓએ મને-કમને શાકાહારને અપનાવ્યે જ છૂટકો થવાનો છે. વીગન્યુઆરીના ટ્રેન્ડમાં જોરદાર ઉછાળો આવવાનું કારણ પણ આ જ. સહભાગીઓની સંખ્યા જાન્યુઆરી ૨૦૨૧માં ૫ લાખ ૮૨ હજાર પર પહોંચી ગઈ, જે વધતી વધતી ગયા વર્ષે ૨૦૨૫માં તો આ સંખ્યા ૨ કરોડ ૫૮ લાખને સ્પર્શી ગઈ. ઈંગ્લેન્ડથી શરૂ થયેલો આ ટ્રેન્ડ વિશ્વવ્યાપી બની ગયો છે. ભારતમાં ૨૦૨૨માં આશરે અડધો લાખ લોકોએ અને ૨૦૨૩માં ૧.૩ લાખ લોકોએ વીગન્યુઆરી ટ્રેન્ડમાં ભાગ લીધો હતો. સહેજે સવાલ થાય કે એક મહિના પૂરતા વિગન બની જવાથી શું વળે? ફેબ્રુઆરીથી પાછા દિવસમાં ચાર વખત ચા ઠઠાડવી હોય ને દૂધપાકના સબડકા લેવા હોય ને દબાવીને રસગુલ્લા ખાવા હોય તો આ ટ્રેન્ડ માત્ર ફિતૂર બનીને રહી જાય છે.

# ભાજપના આડકતરા સમર્થનને કારણે કર્ણાટક સરકાર ક્ષોભજનક સ્થિતિમાં

કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ઉપમુખ્યમંત્રી ડી કે શિવકુમાર વચ્ચે તણખા ઝરતા રહે છે. જોકે હવે સરકારનો એક એવો રીપોર્ટ આવ્યો છે કે જેથી ભાજપને સેર લોહી ચઢે. કર્ણાટક સરકારની એક એજન્સીએ એના રીપોર્ટમાં કહ્યું છે કે, રાજ્યના ૯૧ ટકા લોકો માને છે કે ભારતમાં ચૂંટણી સ્વતંત્ર રીતે થાય છે અને ઈવીએમમાં કોઈ ગોટાળા થતા નથી. આ રીપોર્ટ કર્ણાટક મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન ઓથોરીટી (એએમઈએ)એ જાહેર કર્યો છે. આ સ્થિતિ કોંગ્રેસ માટે હાસ્યાસ્પદ છે. એક તરફ રાહુલ ગાંધી ભાજપ પર મત ચોરીનો આરોપ મૂકે છે અને ઈવીએમને બદલે બેલેટ પેપરથી ચૂંટણી કરવાની માંગણી કરે છે. રાહુલ ગાંધીએ સંસદ ઉપરાંત કર્ણાટકમાં જઈને કલબુર્ગી ખાતે મત ચોરીનો આક્ષેપ કર્યો હતો. આ રીપોર્ટને આધારે હવે ભાજપને કોંગ્રેસ પર પ્રહાર કરવાનો મોકો મળી ગયો છે.

ઈરાનના રાષ્ટ્રગીતમાં ઈસ્લામી ગણરાજ્યની ક્રાંતિ અને ઈમામ ઓમેનીનો સંદેશો છે. આ કારણથી કેટલાક ઈરાની લોકો વચ્ચે વિવાદ છે. ચળવળકારો અને એથ્લેટો રાષ્ટ્રગીત ગાતા નથી કારણ કે રાષ્ટ્રગીતને સરકાર સાથે જોડવામાં આવ્યું છે. એને બદલે આ લોકો 'એ ઈરાન' ગાય છે જે ઈરાનમાં ખૂબ જ લોકપ્રિય છે. ઈરાનના રાષ્ટ્રગીતનું નામ 'સરૂદ - એ મેલ્લી-એ જુમ્હુરી-એ ઈસ્લામી - એ ઈરાન' છે. ૧૯૯૦માં ઈરાને આ રાષ્ટ્રગીત અપનાવ્યું હતું. રાષ્ટ્રગીતમાં પુર્વ દિશામાં ઉગતા સૂર્યની વાત છે જે ન્યાયમાં વિશ્વાસ કરનારાઓની આંખમાં ચમક લાવી દે છે. રાષ્ટ્રગીતમાં ઈરાનના ઈસ્લામી ગણ રાજ્ય ઈરાનને બતાવવામાં આવ્યું છે અને ત્યાંની શાસન વ્યવસ્થા ઈસ્લામી હોવાનું વર્ણન છે. આ રાષ્ટ્રગીતમાં ૧૯૮૯માં ઈસ્લામી ક્રાંતિને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે આ ક્રાંતિને કારણે દેશને નવી ઓળખ મળી છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની હિરોઈન નુસરત ભરુચાએ મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આવેલા મહાકાલ મંદિરમાં જઈને દર્શન કર્યા હતા. પૂજા-વિધિ કરી રહેલી હિરોઈનની તસવીરો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા પછી ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના પ્રમુખ મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલીએ એની નિંદા કરીને એને ગુનેગાર ગણાવી છે. એમણે



નિવેદન આપ્યું છે કે નુસરત આ માટે પશ્ચાતાપ કરે અને માફી માંગી કલમા પઢે. નુસરતે કરેલું કામ શરિયતની દ્રષ્ટિએ ગુનો છે. એમના કહેવા પ્રમાણે નુસરતે શરિયતનું ઉલ્લઘન કર્યું છે તેથી તેના પર શરિયતનો હુકમ લાગુ પડે છે. જોકે જાણકારો કહી રહ્યા છે કે નુસરત ભરૂચાએ પ્રસિદ્ધી માટે નાટક કર્યું હોય શકે અને શાહબુદ્દીન રીઝવી ફરીથી એની ટીકા કરીને એને મફતની પ્રસિદ્ધી આપી રહ્યા છે. દરેક ધર્મના આવા કટ્ટરવાદી નેતાઓ નાની બાબતોને પણ મોટુ સ્વરૂપ આપી બીન જરૂરી વિવાદ ઉભો કરે છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અને નેશનાલીસ્ટ પાર્ટી (બીએનપી)ના પ્રમુખ રહેલા ખાલીદા ઝીયાના શબને ઢાકાના શેરે-એ-બાંગ્લાનગરમાં એમના દિવંગત પતિ ઝીયા ઉર રહેમાનના કબર પાસે દફનાવવામાં આવ્યા છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મુક્તિ યુદ્ધના કમાન્ડર ઝીયા ઉર રહેમાનની હત્યા ૧૯૮૧માં થઈ હતી. એમના શબને ચટગાંવના રંગુનીયા પહાડી વિસ્તારમાં દફનાવવામાં આવ્યું હતું. તત્કાલીન સરકારે ત્યાર પછી એમના શબને ઢાકા લાવીને તત્કાલીન શેર-એ-બાંગ્લા પાર્કમાં રાજકીય સન્માન સાથે દફનાવ્યું હતું. ઝીયા ઉર રહેમાનની હત્યા સૈન્યના કેટલાક અધિકારીઓએ જ કરી હતી. તેઓ ચટગાંવ સરકીટ હાઉસમાં હતા ત્યારે આ અધિકારીઓએ એમને ઠાર માર્યા હતા. એમની હત્યા પછી તરત જ એમના વિરોધીઓએ એમની દફનક્રિયા કરી હતી. જોકે ત્યાર પછી સરકાર બદલાતા એમને રાજકીય સન્માન સાથે ફરીથી દફનાવવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશના બીએનપી પ્રમુખ ખાલીદા ઝીયાના મૃત્યુ પછી એમને શ્રદ્ધાંજલી આપવા ભારતના વિદેશમંત્રી બાંગ્લાદેશ ગયા હતા. જયશંકરે જોકે બાંગ્લાદેશ સરકારના મુખ્ય સલાહકાર તોહીદ હુસૈન સાથે હાથ મેળવ્યા હતા, પરંતુ એમની સાથે કોઈ મીટીંગ કરી નહોતી. ભારત સરકારે મોકલેલા શોક સંદેશા બાબતે પણ બાંગ્લાદેશમાં ચર્ચા થઈ હતી. મોહમદ યુનુસે પાકિસ્તાનની સંસદના સ્પિકર તેમજ નેપાળના વિદેશ મંત્રી સાથે મીટીંગ કરી હતી. જોકે ભારત, ભૂતાન, શ્રીલંકા અને માલદીવના પ્રતિનિધિઓને તેઓ મળ્યા નહોતા. સામાન્ય સંજોગો જોઈએ તો બાંગ્લાદેશના વડાપ્રધાન હોય કે બીજા વડા હોય તેઓ ભારતના વિદેશમંત્રીની મુલાકાતને અવગણવાની હિંમત કરતા નથી. બાંગ્લાદેશના પ્રવક્તાઓનું કહેવું છે કે, જયશંકર ભલે મોહમદ યુનુસને મળી શક્યા નહીં પરંતુ બીજા કેટલાક બાંગ્લાદેશના નેતાઓને તેઓ મળ્યા હતા. આ એક લુલો બચાવ છે. જો બાંગ્લાદેશને ભારત સાથેના સંબંધની ચિંતા હોત તો મોહમદ યુનુસ સમય કાઢીને ભારતના વિદેશ મંત્રીને ચોક્કસ મળત. જયશંકર સાથે થયેલા વ્યવહારને કારણે બાંગ્લાદેશની દાનત ખુલ્લી પડી ગઈ છે.

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬ વિધાનસભા ચૂંટણી પહેલા ધાર્મિક સ્થળો અને સાંસ્કૃતિક પ્રતિકોને લગતી રાજનીતિ તેજ બની ગઈ છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીની સરકારે મંદિર અને સાંસ્કૃતિક સ્થાનો સાથે જોડાયેલા ઘણા પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે. આ કારણથી હિન્દુ મતોનું ધ્રુવીકરણ કરવા માંગતા ભાજપના પેટમાં ફાળ પડી છે. મમતા બેનર્જીએ કોલકત્તાના ન્યુ ટાઉન વિસ્તારમાં 'દુર્ગા આંગણ' નામના સાંસ્કૃતિક સ્થળનું શિલારોપણ કર્યું હતું.

# ભ્રષ્ટાચાર અને ભેળસેળની ભાઈબંધી : પ્રજાની પીડાની કોઈને પડી જ નથી

## ભેળસેળિયાઓએ ભગવાનને પણ છોડયા નથી : તિરુપતી મંદિર અને અંબાજીના પ્રસાદમાં પણ નકલી ઘીનો વિવાદ ચગ્યો હતો પણ પછી શું....

2019થી 2024ની વચ્ચે અંદાજે 20 કરોડ કરતા વધારે લાડુમાં નકલી અને ભેળસેળ ધરાવતા ઘીનો ઉપયોગ થયો હોવાની માહિતી સામે આવી હતી. તેવી જ રીતે થોડા સમય પહેલાં દેશની એક જાણીતી બ્રાન્ડનું ઘી ગુણવત્તાની કસોટીમાં નાપાસ સાબિત થયું હતું. ગુજરાતમાં પણ લાખો લોકોની આસ્થાના કેન્દ્ર એવા શક્તિપીઠ અંબાજીના પ્રસાદમાં પણ નકલી ઘીનો ઉપયોગ થતો હોવાની સમસ્યા સામે આવી હતી : દૂધમાં ડિટર્જન્ટ, કોસ્ટિક સોડા, યુરિયા અને ફાર્મેલિન જેવા રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે જે શરીર માટે અત્યંત ઘાતક હોય છે. આ પ્રકારનું દૂધ પીવાથી કે તેની બનાવટોનું સેવન કરવાથી લિવર ખરાબ થવું, પેટની અન્ય બિમારીઓ થવી, હૃદયરોગ, કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બિમારીઓ થઈ શકે છે. ચણામાં પણ ચામડા અને કપડાને રંગવા માટે વપરાતો પીળો કલર ઉમેરીને લોકોના સ્વાસ્થ્ય સાથે વ્યાપક ચેડાં થાય છે : હકિકતે લોકોએ, સરકારે અને ઉદ્યોગ જગતે સાથે મળીને આ ભેળસેળ અને નકલી વસ્તુઓના વેપારને બંધ કરાવવાની જરૂર છે. ખાદ્ય પદાર્થો માત્ર સ્વાદિષ્ટ જ નહીં પણ સુરક્ષિત અને સ્વાસ્થ્યવર્ધક હોવા જોઈએ. એક વખત આ સેક્ટરમાં ગુનેગારો સામે નક્કર પગલાં લેવાશે અને સખત સજા કરવામાં આવશે તો આ દુષણ આપોઆપ ઘટવા લાગશે

દેશમાં ખાદ્ય સામગ્રીઓમાં સતત ભેળસેળ થતી હોવાના સમાચાર ફેલાતા રહે છે પણ તેને કાબુમાં લેવાના કોઈ નક્કર પગલાં લેવાતા નથી. સ્થિતિ એવી આવી ગઈ છે કે, ભેળસેળની આ પ્રવૃત્તિએ જાહેર સ્વાસ્થ્ય સમસ્યા ઊભી કરી દીધી છે. બજારમાં નકલી અને ભેળસેળ ધરાવતી વસ્તુઓનું ચલણ એટલું વધી ગયું છે કે, ખરેખર સાચું શું અને નકલી શું તેની ખબર જ પડતી નથી. આ ભેળસેળ કરનારા અને નકલી વસ્તુઓ વેચનારા માણસોને છેતરતા હતા ત્યાં સુધી વાંધો નહોતો આ લોકોએ તો ભગવાનો અને ધર્મસ્થાનોને પણ છોડયા નથી. દક્ષિણ ભારતના મોટા મંદિરોમાં સ્થાન ધરાવતા આંધ્ર પ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં પ્રસાદના લાડુમાં ભેળસેળનો મુદ્દો ગંભીર બન્યો હતો.

૨૦૧૯થી ૨૦૨૪ની વચ્ચે અંદાજે ૨૦ કરોડ કરતા વધારે લાડુમાં નકલી અને ભેળસેળ ધરાવતા ઘીનો ઉપયોગ થયો હોવાની માહિતી સામે આવી હતી. તેવી જ રીતે થોડા સમય પહેલાં દેશનું એક જાણીતી બ્રાન્ડનું ઘી ગુણવત્તાની કસોટીમાં નાપાસ સાબિત થયું હતું. આ કેસ ૨૦૨૦માં બન્યો હતો અને હવે પાંચ વર્ષ બાદ આ કેસમાં કામગીરી અને કેસની શરૂઆત થઈ છે.

જાણકારો માને છે કે, મોટાભાગે રાજકીય પીઠબળ, લાંચિયાવૃત્તિ અને લોકોની જિંદગી સાથે રમત રમવાની મેલી મનોવૃત્તિ ધરાવતા લોકો આ ધંધો વધારવા લાગ્યા છે. ગુજરાતમાં પણ લાખો લોકોની આસ્થાના કેન્દ્ર એવી શક્તિપીઠ અંબાજીના પ્રસાદમાં પણ નકલી ઘીનો ઉપયોગ થતો હોવાની સમસ્યા સામે આવી હતી. આ કેસમાં પણ માત્ર તપાસના નામે એજન્સી બદલી દેવાઈ, પ્રસાદ થોડા સમય માટે બદલી દેવાયો અને ફરીથી બધું રાબેતા મુજબ શરૂ થઈ ગયું. આવા તમામ કેસમાં તપાસ અને પગલાના નામે બે-ચાર લોકોની અટકાયત કરાય છે, એજન્સી બદલી દેવાય છે, એકાદ-બેને જેલ હવાલે કરાય છે જે થોડા મહિનાઓ બાદ જામીન ઉપર છુટી જાય છે. પરિસ્થિતિ એવી થઈ છે કે, ભ્રષ્ટ સરકારી તંત્ર અને લાંચિયા અધિકારીઓ અને નબળા ન્યાયતંત્રને પગલે ગુનેગારોને હવે કાયદો અને વ્યવસ્થાનો ભય રહ્યો જ નથી. નાગરિકો હેરાન થાય છે, પ્રજા પીસાય છે, લોકો મરી જાય છે અને બધું રાબેતા મુજબ ચાલતું રહે છે. ઉલ્લેખનીય છે કે, ભેળસેળ અને નકલી વસ્તુઓની સમસ્યા માત્ર ઘી સુધી જ સીમિત છે તેવું નથી. દેશના બજારોમાં હજારો વસ્તુઓ નકલી અને ભેળસેળવાળી આવી રહી હોવાના અહેવાલો છે. હોટેલોમાં ગંદા અને વાસી ખાવાનાનો ફરીથી ઉપયોગ થાય છે. સડી ગયેલા શાકભાજી અને ફળોમાંથી વાનગીઓ બનાવી વેચી દેવાય છે. મીઠાઈઓમાં મોટાપાયે ભેળસેળ થાય છે. રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓમાં મોટાપાયે ભેળસેળ થાય છે અને લોકો બીમાર પડી રહ્યા છે. શેકેલા હળદરવાળા ચણાની જ વાત કરીએ તો તેમાં ઓરામાઈન નામના ખાદ્ય રંગો નાખવામાં આવે છે. કપડા



અને ચામડાને રંગ કરવા ઉપયોગમાં લેવાતો આ રંગ ચણામાં નાખીને તેને વધારે પીળા કરવામાં આવે છે. તેના કારણે લોકોને કેન્સર જેવા અસાધ્ય રોગ થાય છે અને ચેતાતંત્રને લગતા પણ રોગ થાય છે. વર્ષોથી ખાદ્ય પદાર્થોમાં પ્રમાણિત અને મર્યાદિત પ્રમાણમાં રંગોનો ઉપયોગ કરવાના નિયમો છે છતાં તેનું કોઈ પાલન થતું નથી.

આ મુદ્દે જ્યારે તપાસ કરવામાં આવે ત્યારે પ્રતિબંધિત સામગ્રી મળે છે પણ પગલાં કોઈ લેવાતા નથી. આ બાબત સાબિત કરે છે કે, ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન યોગ્ય રીતે થતું નથી. તેના કારણે લોકો બીમાર પડવાની ઘટનાઓ સતત વધી રહી છે. આશ્ચર્યની વાત એ છે કે, દેશભરમાં સમયાંતરે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ પકડવા અને રોકવા માટે અભિયાન ચલાવવામાં આવે છે છતાં કોઈ લાભ થતો નથી.

નકલી માવો, નકલી દૂધ, નકલી ઘી, નકલી પનીર, નકલી દૂધનો પાઉડર, મીઠાઈ, બેસન, ચટણી અને બાળકો માટે બનાવાતા વિવિધ ઉત્પાદનોમાં પણ ભયાનક સ્તરે ભેળસેળ થઈ રહી છે. નકલી ખાદ્ય મરી-મસાલા અને વસ્તુઓનો બેફામ વેપાર થઈ રહ્યો છે. તેના કારણે જાહેર સ્વાસ્થ્ય જોખમાયું છે છતાં તેના તરફ તંત્રનું કે સરકારનું ધ્યાન જતું નથી. કોઈ અનિચ્છનિય ઘટના બને, નિર્દોષના મોત થાય ત્યારે તપાસનું તરકટ કરવામાં આવે છે અને સિસ્ટમમાં ગોઠવાયેલા મળતિયાઓને બચાવવા બે-ચારને સસ્પેન્ડ કે અલગ કરી દેવામાં આવે છે. જેલ હવાલે કરી દેવાય છે અને નવી ઘોડી નવો દામ જેવી સ્થિતિ સાથે બીજા સેક્ટરમાં ભેળસેળનો ધીકતો ધંધો શરૂ થઈ જાય છે.

માત્ર દૂધની જ વાત કરીએ તો તેમાં વ્યાપક ભેળસેળ થઈ રહી છે. થોડા વર્ષો પહેલાં સિન્થેટિક દૂધ વેચાતું હોવાના અહેવાલો આવ્યા હતા. થોડોઘણો જથ્થો પકડાયો હતો અને ત્યારબાદ બધું યથાવત્ થઈ ગયું. દૂધમાં ડિટર્જન્ટ, કોસ્ટિક સોડા, યુરિયા અને ફાર્મેલિન જેવા રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે જે શરીર માટે અત્યંત ઘાતક હોય છે. આ પ્રકારનું દૂધ પીવાથી કે તેની બનાવટોનું સેવન કરવાથી લિવર ખરાબ થવું, પેટની અન્ય બિમારીઓ થવી, હૃદયરોગ, કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બિમારીઓ થઈ શકે છે. જાણકારોના મતે અસંગઠિત ક્ષેત્રમાં ભેળસેળનું પ્રમાણ સૌથી વધારે છે.

આ સંજોગોમાં લોકોને સુરક્ષા કે ગુણવત્તાની ખાતરી કોઈ આપી શકે તેમ જ નથી. લોકોનો અધિકાર હોવા છતાં તેમને સુરક્ષા મળે તેવી કોઈ વ્યવસ્થા જ નથી.

આપણે ત્યાં મુશ્કેલી એ છે કે, આપણે ત્યાં ભેળસેળ રોકવાના નિયમો છે, કાયદા છે પણ તેનું અમલીકરણ થતું નથી. ભ્રષ્ટાચાર અને ભેળસેળની ભાઈબંદી એટલી નક્કર છે કે, પ્રજાનું જે થવું હોય તે થાય પણ મિત્રને કશું થવું ન જોઈએ. ખાદ્ય સુરક્ષા સાથે જોડાયેલી એજન્સીઓ વારંવાર હોટેલ્સ, રેસ્ટોરાં, લારી-ગલ્લા, ટપરીઓ, ખાદ્ય સામગ્રીના સપ્લાયરો અને ગોડાઉનોમાં દરોડા પાડે છે. નકલી વસ્તુઓના, વાસી વસ્તુઓના કે અખાદ્ય પદાર્થોના નમુના લેવાય છે પણ કડક પગલાં બહુ ઓછા સામે લેવાય છે. મોટાભાગે નજીવો દંડ કરીને છોડી મુકવામાં આવે છે. ખાદ્ય પદાર્થોમાં ખરેખર ભેળસેળ અટકાવવી હશે તો તેના માટે નક્કર કાયદા અને તેના કડક અમલીકરણની જરૂર છે.

મહત્ત્વનું એ છે કે, કાયમ તહેવારો પહેલાં ખાદ્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવે છે. ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેવામાં આવે છે. ત્યારબાદ તંત્ર એટલું શિથિલ થઈ જાય છે કે, તહેવારો પૂરા થઈ ગયાના મહિનાઓ સુધી સેમ્પલના ટેસ્ટિંગના પરિણામો આવતા નથી. ઘણા કિસ્સામાં એવું બનતું હોય છે કે, પરિણામ આવ્યા પછી પણ નક્કર પગલાં લેવાતા નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે પણ તાલમેલ હોતો નથી. બંનેની એજન્સીઓ પણ તાલમેલથી કામ કરતી નથી. તેના પગલે પ્રજાનું સ્વાસ્થ્ય જોખમાય છે. તપાસની પ્રક્રિયા અત્યંત ઝડપી અને નિષ્પક્ષ હોવી જોઈએ જેથી ગુનેગારો સામે નક્કર અને કડક પગલાં લઈ શકાય. આ ઉપરાંત સજાની જોગવાઈ પણ એટલી ગંભીર હોવી જોઈએ કે આવા ગુના કરતા પહેલાં લોકો વિચાર કરે. ખાદ્ય પદાર્થોની સમયાંતરે ચકાસણી થતી જ રહેવી જોઈએ અને તેના દ્વારા જ ભેળસેળ અને નકલી પદાર્થો બનાવવાનું દુષણ કાબુમાં આવી શકશે.

લોકોમાં રોષ છે કે, જો દેશની આસ્થાના કેન્દ્રો રહેલા મંદિરોમાંથી જ મળતા પ્રસાદમાં ભેળસેળ થતી હોય, ત્યાં નકલી ઘી અને અન્ય સામગ્રીનો ઉપયોગ થતો હોય તો બજારમાં મળતી વસ્તુઓ સ્વચ્છ, ચોખ્ખી અને અસલી મળશે તેવી તેવી રીતે આશા રાખી શકાય. હકિકતે લોકોએ, સરકારે અને ઉદ્યોગ જગતે સાથે મળીને આ ભેળસેળ અને નકલી વસ્તુઓના વેપારને બંધ કરવાની જરૂર છે. ખાદ્ય પદાર્થો માત્ર સ્વાદિષ્ટ જ નહીં પણ સુરક્ષિત અને સ્વાસ્થ્યવર્ધક હોવા જોઈએ. મંદિરોમાં નકલી ઘીના લાખો ડબ્બા પહોંચી જાય છે અને ક્યાંક કોઈને ખબર નથી અથવા તો કોઈ ખબર રાખવા જેટલી તસદી લેતું નથી તે ખરેખર ચિંતાજનક છે. સરકાર, મંદિર તંત્ર અને ખાદ્ય સુરક્ષા તંત્રની કામગીરી ઉપર મોટો સવાલ છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પરંપરાગત અને ૩-ફેઝ લોકોમોટિવ્ઝનું લોકો સ્ટ્રિપીંગ અને સંબંધિત કામ**

**ઈ-ટેન્ડર નં. એમ-ઈએલએસ-વીટીએ-૨૫-૨૬-સ્ટ્રિપીંગ, તા.૦૧.૦૧.૨૦૨૬**

**કામનું નામઃ** ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવા ખાતે ૦૩ વર્ષો માટે પરંપરાગત અને ૩-ફેઝ લોકોમોટિવ્ઝનું લોકો સ્ટ્રિપીંગ અને સંબંધિત કામ.

**કામની અંદાજીત પડતરઃ** ₹ ૧,૪૦,૩૮,૯૭૦.૩૫/- (તમામ ટેક્સ/જીએસટી સહિત)

**ટેન્ડર દસ્તાવેજની પડતરઃ** શૂન્ય | **અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ ૨,૨૦,૨૦૦/-

**પૂર્ણ કરવાનો સમયગાળોઃ** ૩૬ મહિના

**ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખઃ** તા.૨૩-૦૧-૨૦૨૬ ના ૧૪:૦૦ કલાકે

**વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in

**ટેન્ડર આમંત્રિત કરનાર અધિકારી અને તેમનું સંપૂર્ણ સરનામુંઃ** સિનીયર ડિવિઝનલ મિકેનીકલ એન્જીનીયર, ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવા, સિની. ડીએમઈ/ ઈએલએસ/વીટીએ ની ઓફિસ, ઈલેક્ટ્રીક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલવે, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૫. ADI-247

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# આજી નદી પરનો રાજાશાહી સમયનો પૂલ બિસ્માર: RMCની માત્ર સ્માર્ટ સિટી-વિકાસની ગુલબાંગો, સ્વખર્ચે રિપેર કરવા કોંગી અગ્રણીઓ તૈયાર

**રાજકોટ, તા.05**

રાજકોટમાં સ્માર્ટ સિટી અને વિકાસની ગુલબાંગો વચ્ચે પ્રાથમિક સુવિધાઓના ધાંધિયા જોવા મળી રહ્યા છે. રાજકોટ શહેરની મધ્યમાંથી પસાર થતી આજી નદી પર રાજાશાહી વખતમાં બનાવવામાં આવેલો ઐતિહાસિક બેઠો પૂલ આજે તંત્રની ઉદાસીનતાને કારણે બિસ્માર બાજયો છે. આ પૂલ લાંબા સમયથી બિસમાર હોવાને કારણે હજારો વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ ગંભીર મુદ્દે હવે રાજકારણ પણ ગરમાયું છે. કોંગ્રેસના આગેવાનો રણજીત મૂંધવા અને હરેશ ભરાઈએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પૂલનું વહેલી તકે સમારકામ કરવામાં નહીં આવે, તો તેઓ લોકહિતમાં સ્વખર્ચે આ પૂલનું સમારકામ કરાવશે.

રાજકોટની શાન ગણાતી આજી નદી પર ખત્રીવાડથી બેડીપરા તરફ જવા માટે વર્ષો પહેલા રાજાશાહી શાસન દરમિયાન આ બેઠા પૂલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પૂલ માત્ર એક સ્થાપત્ય નથી, પરંતુ શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતી એક મહત્વની કડી છે. ખાસ કરીને બેડીપરા, રામનાથપરા અને આસપાસના ગીચ વિસ્તારોમાં રહેતા હજારો લોકો માટે આ પૂલ જીવાદોરી સમાન છે. જોકે, છેલ્લા ઘણા સમયથી રાજકોટ મનપા દ્વારા આ ઐતિહાસિક ધરોહરની જાળવણીમાં ઘોર બેદરકારી દાખવવામાં આવી છે.

આ પૂલ બંધ થતાની સાથે જ તેની આસપાસની સુરક્ષા વ્યવસ્થા પણ હટાવી લેવામાં આવી છે. સિક્યુરિટી ગાર્ડની ગેરહાજરીનો લાભ લઈ સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા આ પૂલ પર અને નદીના પટમાં મોટા પાયે કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. આજે આ પૂલ જાણે 'કચરાનું ઘર' બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ગંદકીના ગંજ ખડકાવાને કારણે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ અસહ્ય રીતે વધી ગયો છે, જેના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં રોગચાળો ફેલાવાની



દહેશત ઉભી થઈ છે. સ્થાનિકોની માંગ છે કે આ પૂલને માત્ર રીપેર જ નહીં, પરંતુ તેને ઊંચો કરી રેલિંગ સાથે નવો બનાવવામાં આવે જેથી ચોમાસામાં પણ તે કાર્યરત રહી શકે.

આ મુદ્દે કોંગ્રેસના આગેવાન રણજીત મુંધવાએ આક્ષેપ કર્યો છે કે, વોર્ડ નંબર 6 અને 7 ને જોડતો આ પૂલ લોકો માટે આશીર્વાદરૂપ હતો, પરંતુ શાસક પક્ષના નેતાઓની 'પ્રસિદ્ધિ ભૂખ' ને કારણે જનતા પીસાઈ રહી છે. અગાઉ જ્યારે વિરોધ કરવામાં આવ્યો હતો, ત્યારે બાંધકામ સમિતિના ચેરમેન અને સ્થાનિક કોર્પોરેટરોએ ઉતાવળે માત્ર કોંક્રિટ પથરાવીને પૂલ ચાલુ કરી દીધો હતો. આ કામચલાઉ સમારકામ માંડ 2 મહિના પણ ચાલ્યું નથી. અને હાલ આ બ્રીજ ફરી જર્જરિત બન્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, અગાઉ આ પૂલના રિપેરિંગ પાછળ જનતાના ટેક્સના રૂ.15 લાખથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો, પરંતુ ભ્રષ્ટાચાર અને નબળી કામગીરીને કારણે પ્રશ્ન ઠેરનો ઠેર જ રહ્યો છે. જો તે સમયે યોગ્ય આયોજન સાથે 300ના બદલે 900 સેમી સાઈઝનાં પાઈપ નાખવામાં આવ્યા હોત, તો કદાચ આજે આ સ્થિતિ સર્જાત નહીં. હવે આગેવાનોની માગ છે કે અહીં 1500 સેમીનાં મોટા પાઈપ નાખીને મજબૂત કોઝવે બનાવવો જોઈએ.

રાજકોટ જ્યારે 'વાઈબ્રન્ટ સમિટ' જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું યજમાન બની રહ્યું હોય, ત્યારે શહેરની અંદરનો આવો ભાંગેલો-તૂટેલો વિકાસ તંત્રની પોલ ખોલે છે. સોની બજાર, બંગડી બજાર અને ધર્મેન્દ્ર રોડ જેવા મુખ્ય વ્યાપારી વિસ્તારોમાં જવા માટે ઈમિટેશન બજારના વેપારીઓને આ પૂલ બિસમાર હોવાથી જીવના જોખમે પસાર થવું પડે છે. અથવા 2 કિમી લાંબો ફેરો કરવો પડે છે. આ ઉપરાંત, સામા કાંઠેથી શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

કોંગ્રેસના આગેવાન રણજીત મૂંધવાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો મનપાના સત્તાધીશો અને જાડી ચામડીના અધિકારીઓ આ તૂટેલા પૂલને નહીં જુએ અને તાત્કાલિક નવીનીકરણની પ્રક્રિયા હાથ નહીં ધરે, તો તેઓ જનતાના સહયોગથી સ્વખર્ચે રીપેરીંગ કામ શરૂ કરી દેશે. હાલમાં તો આ ઐતિહાસિક પૂલ તંત્રના 'સ્માર્ટ' દાવાઓ વચ્ચે રઝળી રહ્યો છે. ત્યારે હવે ચૂંટણી સમયે કોંગ્રેસની આ ચેતવણી બાદ તંત્ર કુંભકર્ણ નિદ્રામાંથી જાગે છે કે કેમ? તે જોવું રહ્યું.

## 4 લોકો વચ્ચે જાહેરમાં બેલ્ટ અને છુટ્ટાહાથની મારામારી
## વડોદરામાં પતંગની લારીને લગાવાના મુદ્દે ઝઘડો

**વડોદરા, તા.05**

વડોદરા શહેરમાં હાથીખાના ગેટ-1ની સામે ચાર લોકો વચ્ચે મારામારીનો વીડિયો થતા કુંભારવાડા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. આ વીડિયોમાં 4 લોકો કમરના બેલ્ટ તથા છૂટા હાથથી મારામારી કરતા જોવા મળે છે. પોલીસે આરોપી સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરમાં હાથીખાના ગેટ-1ની સામે કબીર ચિકનના સામેના રોડ પર 4 વ્યક્તિઓ વચ્ચે મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયોમાં કેટલાક વ્યક્તિઓ જાહેર રોડ પર જોરથી બૂમો પાડીને અને કમરના બેલ્ટ તથા છૂટા હાથથી મારામારી કરતા જોવા મળે છે. આ ઝઘડો પતંગની લારી લગાવવાના મુદ્દે અંદરો અંદરની વિવાદને કારણે થયો હતો. કુંભારવાડા પોલીસે આ ઘટનાની તપાસ હાથ ધરી છે અને સામેલ વ્યક્તિઓની ઓળખ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ



ધરી છે. કુંભારવાડા પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે, અબ્દુલમજીદ અબ્દુલરહેમાન સૈયદ અને અબ્દુલગની અબ્દુલરહેમાન સૈયદને શરીરે સામાન્ય ઈજાઓ થઈ છે. વાયરલ વીડિયોના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે અને મારામારીમાં સામેલ વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા બે દિવસથી વડોદરા શહેરમાં મારામારીના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. લોકોમાં જાણે કાયદો વ્યવસ્થાને લઈને કોઈ ડર જ ન હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેને લઈને વડોદરા પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે.

## સુરતમાં ચાલતી બસમાં આગને લઈ તંત્ર હરકતમાં, સીટી લિંકના અધિકારીઓને બરાબરના ઝાટક્યા

**સુરત, તા.05**

સુરતના અમરોલી વિસ્તારમાં મુસાફરો ભરેલી સિટી બસમાં લાગેલી આગની ઘટનાએ હવે રાજકીય અને વહીવટી મોરચે ગરમાવો લાવી દીધો છે. આ ગંભીર બેદરકારી મામલે સુરત મનપાની જાહેર પરિવહન સમિતિએ કડક વલણ અપનાવ્યું છે. શહેરના અમરોલી વિસ્તારમાં ગત શુક્રવારે રાત્રે એક મોટી દુર્ઘટના ટળી હતી. રસ્તા પર દોડતી મુસાફરોથી ભરેલી સિટી બસમાં અચાનક શોર્ટ સર્કિટને કારણે આગ ફાટી નીકળી હતી. બસમાં સવાર 25 જેટલા મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા, પરંતુ સદનસીબે તમામ મુસાફરો સમયસર સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી.

આ ઘટનાને પગલે જાહેર પરિવહન સમિતિના ચેરમેન સોમનાથ મરાઠે લાલઘુમ જોવા મળ્યા



હતા. તેમણે સીટી લિંકના અધિકારીઓની ઝાટકણી કાઢતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતું કે, ઓપરેટરોને સાચવવાનું બંધ કરી દો. તેમણે અધિકારીઓ પાસે આ મામલે જવાબ માંગ્યો છે કે શા માટે લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે પરિવહન સમિતિએ સીટી લિંકની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે કે ડેડલાઈન પૂર્ણ છતાં બસો કેમ ચાલુ? જે ડીઝલ બસોની સમયમર્યાદા (ડેડલાઈન) પૂર્ણ થઈ ગઈ છે, તે હજુ પણ રસ્તા પર કેમ દોડાવવામાં આવે છે? બસોનું ફિટનેસ નબળું હોવા છતાં અને તે 'કન્ડમ' જાહેર કરવા લાયક હોવા છતાં કોના ઈશારે રસ્તા પર ઉતારવામાં આવી રહી છે?. ઘટનાની ગંભીરતા જોતા ચેરમેને કડક આદેશો આપ્યા છે કે શહેરમાં દોડતી તમામ 400 સિટી બસોના ફિટનેસ રિપોર્ટ તાત્કાલિક અસરથી રજૂ કરવા આદેશ અપાયો છે. જો કોઈ પણ બસમાં ટેકનિકલ ખામી જણાશે, તો સંબંધિત એજન્સીને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત કરવામાં આવશે. શુક્રવારની ઘટનાનો વિગતવાર રિપોર્ટ આવ્યા બાદ જવાબદાર એજન્સી સામે કડક કાયદાકીય અને વહીવટી પગલાં ભરવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના ટ્રાન્સપોર્ટ કમિટીના અધ્યક્ષ સોમનાથ મરાઠે એ જણાવ્યું હતું કે, અમરોલી વિસ્તારમાં જે ડિઝલ બસમાં શુક્રવારે આગ લાગી હતી એ ખૂબ જ ગંભીર બાબત છે. ડ્રાઈવરની જાગૃતતાના કારણે પેસેન્જરોને બસમાંથી નીચે ઉતાર્યા હતા. પ્રથમ જે એની માહિતી આવી છે, પેનલમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આ આગ લાગી છે.

## દહેગામ પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને અલીગઢના બુટલેગરને દબોચ્યો: પીકઅપ ડાલામાંથી 15 લાખનો દારૂ ઝડપાયો

**ગાંધીનગર, તા.05**

દહેગામ પોલીસ સ્ટેશનની ટીમે મધરાતે હાઈવે પર એક ઓપરેશન પાર પાડીને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે ઉત્તર પ્રદેશના એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. પોલીસને જોઈને પીકઅપ ડાલાના ચાલકે વાહન ભગાવ્યું હતું, જેનો પોલીસે પીછો કરી મહાવીર ફાર્મ પાસે બુટલેગરને ઝડપી પાડતા તેની પાસેથી 15 લાખની કિંમતનો હરિયાણાનો દારૂ મળી આવ્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી દારૂ સહિત 20 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દહેગામ પોલીસે બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવીને વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ પસાર થતી પીકઅપ ગાડીને ઝડપી પાડી છે. પોલીસને જોઈને બુટલેગરે વાહન ભગાવતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી તેને આંતરી લીધો હતો.

દહેગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એન. દેસાઈને બાતમી મળી હતી કે, એક સફેદ કલરની બંધ બોડીની મારુતિ સુપર કેરી પીકઅપ (નંબર GJ-18.BV.3347) વિદેશી દારૂ ભરીને દહેગામથી કપડવંજ રોડ તરફ જવાની છે.

આ બાતમીના આધારે પોલીસની અલગ-અલગ ટીમોએ હરસોલી ચોકડી વોચ ગોઠવી હતી. ત્યારે બાતમી મુજબનું વાહન આવતા પોલીસે તેને ઉભા



રહેવા ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે વાહન ઉભું રાખવાને બદલે હાઈવે પર પૂરઝડપે હંકારી મૂક્યું હતું. આથી પોલીસે ખાનગી વાહનોમાં તેનો પીછો કર્યો અને હરખજીના મુવાડા ગામ પાસે મહાવીર ફાર્મ સામે આડશ ઉભી કરી ગાડીને રોકી દીધી હતી.

જોકે ગાડી ઉભી રહેતા જ ચાલકે ઉતરીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે કોર્ડન કરી તેને પકડી પાડ્યો હતો. જેને ભાગવા જતાં જમણા પગે સામાન્ય ઈજા પણ પહોંચી હતી. બાદમાં પકડાયેલા શખ્સનું નામ પૂછતા તેણે પોતાનું નામ દિગંબર સિંહ ઉર્ફે ભુરો જહાનસિંહ જાટ (રહે. અલીગઢ, ઉત્તરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું.

ત્યારે રાત્રિનો સમય અને હાઈવે પર ટ્રાફિક હોવાથી પોલીસ ગાડીને દહેગામ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં ગણતરી કરતા 15 લાખની કિંમતની કુલ 3 હજાર 744 નંગ નાની મોટી દારૂની બોટલો મળી આવી હતી. આ અંગે પોલીસે દારૂનો જથ્થો સહિત કુલ રૂ.20 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર વિરુધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં અલગ-અલગ ત્રણ અકસ્માતમાં ત્રણના મોત, ભૂયંગદેવ નજીક BRTS બસે બાઈકચાલકનો લીધો ભોગ

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં અલગ-અલગ સ્થળોએ સર્જાયેલા માર્ગ અકસ્માતોમાં ત્રણ વ્યક્તિઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાં BRTS બસ, ટ્રક અને ટ્રેક્ટર જેવા ભારે વાહનો કાળ સાબિત થયા છે. પોલીસે ત્રણેય કેસમાં અકસ્માતે ગુનો નોંધી આરોપીઓ સામે કાયદાકીય પગલાં લેવાની તજવીજ હાથ ધરી છે. પહેલી ઘટનામાં સોલા વિસ્તારમાં રહેતા 67 વર્ષીય નાગજીભાઈ ગોંડલીયા 31 ડિસેમ્બરના રોજ પોતાના ટુ-વ્હીલર પર પસાર થઈ રહ્યા હતા. ભૂયંગદેવ પાસે એક BRTS બસના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બ્રેન હેમરેજ થયું હતું. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું છે. આ મામલે એ-ડિવિઝન ટ્રાફિક પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. બીજી ઘટનામાં ઓઢવમાં મજૂરી કામ કરતા સાગર યાદવ નામના 28 વર્ષીય યુવક સાથે હિટ એન્ડ રનની ઘટના બની હતી. શનિવારે સાંજે જ્યારે સાગર વેપારી મહામંડળ કટ પાસે પેટ્રોલ પંપ નજીકથી પસાર થઈ રહ્યો હતો.

## વરાછામાં 5 કરોડનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અસામાજિક તત્વોનો અડ્ડો
## સરદાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઠેર-ઠેર ગંદકી અને દારૂ-બિયરની બોટલો મળી

**સુરત, તા.05**

મોટાભાગના વિકાસકાર્યો માટે રાજ્ય અથવા કેન્દ્ર સરકારની ગ્રાન્ટ પર આધાર રાખતી સુરત મહાનગરપાલિકા આવકના નવા સ્ત્રોત ઊભા કરવા માટે નવા રસ્તાઓ શોધી રહી છે. જોકે, કરોડો રૂપિયાના ખર્ચે બનાવાયેલા પ્રોજેક્ટો પર યોગ્ય ધ્યાન ન આપતા મહાનગરપાલિકાને આવક ગુમાવવી પડી રહી છે અને મેન્ટેનન્સનો ખર્ચ પણ માથે પડી રહ્યો છે. આ સાથે ધૂળ ખાતા પ્રોજેક્ટોની હાલત પણ બિસ્માર બની છે. વરાછા ઝોનમાં સ્મીમેર હોસ્પિટલની પાછળ આવેલા સરદાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છેલ્લા પોણા બે વર્ષથી બંધ છે. પરિણામે તેનો મેન્ટેનન્સ ખર્ચ મનપાની તિજોરી પર સતત ભારરૂપ બની રહ્યો છે. આ સાથે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયો હોય તે પ્રકારની સ્થિતિ જોવા મળી રહે છે. ઠેર ઠેર ગંદકી અને દારૂ તેમજ બિયરની બોટલો પણ જોવા મળી રહી છે. વોર્ડ નં. 14ના સ્થાનિક કોર્પોરેટર નરેશ ધામેલીયાએ



જણાવ્યું હતું કે, જે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ભવ્ય અને સારૂ બન્યું છે એ અમારા વોર્ડમાં આવે છે અને ઘણા સમયથી બંધ હતું. કોઈ ટેકનિકલ ખામી હતી. આગળના જે કોન્ટ્રાક્ટર હતા એ જે છોડીને ગયા હતા એના કારણે જે પ્રોબ્લેમ હતી એ સોલ્વ થઈ છે. અમારા ચેરમેન રાજનભાઈ પટેલ, મેયર દક્ષેશભાઈ માવાણી તેમજ અમારા ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારીએ રસ લઈ અને તાત્કાલિક કેમ ચાલુ થાય એ માટેના તમામ પ્રયાસો કર્યા અને ટૂંક સમયની અંદર આ લોકોની સેવા માટે ચાલુ થઈ જશે એવો ભરોસો છે. ટૂંક સમયમાં ચાલુ થઈ જશે.

આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ લગભગ કોરોના કાળમાં નિર્માણ પામ્યું હતું. કોરોના નડ્યો એટલે જે કોન્ટ્રાક્ટરને કોઈ કારણસર બરાબર ચાલતું નહોતું, કારણ કે કોરોના કાળ હતો. એટલે જે તકલીફ હતી એમને અને પછી ખુલ્લું મૂકીને જતા રહ્યા હતા.

ખર્ચ તો ઘણો થયો છે, મારી પાસે આંકડો નથી એનો. કારણ કે આ મારી પહેલા બનેલું છે, જ્યારે પ્રવીણભાઈ અને કાંતિભાઈ કોર્પોરેટર હતા એ સમયે બનેલું છે એટલે આંકડો નથી. પણ એક ભવ્ય છે અને આની અંદર લોકો આવશે કારણ કે મારા વિસ્તારમાં કોઈ આવું (બીજું) નથી, એટલે આવશે. અને આની પ્રેરણા લઈ બીજા વિસ્તારમાં પણ ચાલુ થશે.

ના, એવું સારસંભાળની વાત નથી. કારણ કે તમે જાણો છો કોરોના કાળ હતો અને કોરોના કાળમાં જે કોન્ટ્રાક્ટર કામ કરતા હતા, જે લોકો... અને પછી એને જે કાંઈ પ્રોબ્લેમ હતો વેરા બાબતમાં, જે કાંઈ તકલીફ હતી. પણ હવે સારું ચાલશે. એમાં એવું છે કે આ એરિયો જે છે ને એ રેલવે કોલોનીની આજુબાજુનો સ્લમ એરિયો છે. સ્લમ છે એટલે મોટાભાગના લોકો અહીં પીતા જ હોય છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




